# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૪ નવેમ્બર ૨૦૨૩, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ બારસ | અંક : ૧૧૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**આઈએસઆઈએસના મોટા ટેરર પ્લાનનો ખુલાસો** | ગેટવે ઓફ ઈન્ડિયા પર પણ આઈએસઆઈએસનું હુમલોનું ષડયંત્ર હતું

# અમદાવાદ-ગાંધીનગરમાં મોટા આતંકી હુમલાનું ISISનું ષડયંત્ર

**પોતાની આર્થિક સ્થિતિ સુધારવા માટે હઝારીબાગમાં લગભગ ૭-૮ ગુનાહિત ઘટનાને અંજામ આપ્યો હતો**

**બંનેની મુલાકાત અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં થઈ હતી અને તેની પત્ની પણ આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ થઈ**

**આઈએસઆઈએસના નિશાન પર અમદાવાદ અને ગાંધીનગર હતા તેમનું ષડયંત્ર અહીં બે મોટા બોમ્બ બ્લાસ્ટ કરવાનું હતું**

| અમદાવાદ, તા.૨૩ |

આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ (આઈએસઆઈએસ, ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક અને સીરિયા)ના મોટા ટેરર પ્લાનનો ખુલાસો થયો છે. આઈએસઆઈએસના ધરપકડ કરાયેલ એક આતંકવાદીના કબૂલનામાથી ખુલાસો થયો છે કે, તેમનું ષડયંત્ર દેશના બે મોટા શહેરોમાં મોટા આતંકવાદી હુમલો કરવાનું હતું. આઈએસઆઈએસના નિશાન પર ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગર હતા. તેમનું ષડયંત્ર અહીં બે મોટા બોમ્બ બ્લાસ્ટ કરવાનું હતું. આ ઉપરાંત મુંબઈના નરીમન હાઉસ અને ગેટવે ઓફ ઈન્ડિયા પર પણ આઈએસઆઈએસનું મોટા આતંકવાદી હુમલો કરવાનું ષડયંત્ર હતું. એટલું જ નહીં, ભારતના કેટલાક મહત્વપૂર્ણ સૈન્ય મથકો પણ આઈએસઆઈએસના નિશાના પર હતા. આઈએસઆઈએસના એક ધરપકડ કરાયેલા આતંકવાદીએ જણાવ્યું કે, ભારતના મહત્વના સૈન્ય ઠેકાણાઓની નિયમિતપણે રેકી કરવામાં આવી હતી અને ત્યાંની તસવીરો પાકિસ્તાન અને સીરિયામાં મોકલવામાં આવતી હતી. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થીઓની ભૂમિકા શંકાસ્પદ જણાઈ છે અને તેઓ સુરક્ષા એજન્સીઓના રડાર પર છે. આઈએસઆઈએસનો ધરપકડ કરાયેલ આતંકવાદીનું નામ શાહનવાઝ આલમ છે. તે આઈએસઆઈએસનો ઓપરેટિવ છે. શાહનવાઝે જણાવ્યું કે, તેની પત્ની એક હિન્દુ હતી. જેને તેણે ઈસ્લામ ધર્મ કબૂલ કરાવીને મુસ્લિમ બનાવી હતી.



### કાશ્મીરમાં ફરીવાર એન્કાઉન્ટરની શરૂઆત

## રાજૌરી એન્કાઉન્ટરમાં આઈઈડી એક્સપર્ટ આતંકવાદી કારી ઠાર

| જમ્મુ, તા.૨૩ |

આતંકી સાથેની અથડામણમાં સુરક્ષાદળોને ૨૪ કલાકથી વધુ સમય વીતી ગયો છે ત્યારે સવારે ફરીવાર એન્કાઉન્ટરની શરૂઆત કરતાં સુરક્ષાદળોએ વધુ એક ખૂંખાર આતંકીને ઠાર માર્યાનો દાવો કર્યો છે. આ આતંકીની ઓળખ કારી નામે થઈ છે. અગાઉ વધુ એક આતંકી ઠાર મરાયો હતો જેની ઓળખ હજુ જાહેર થઈ શકી નથી. માહિતી અનુસાર કારી લશ્કર-એ-તોયબાનો ટોચનો કમાન્ડર અને આતંકી હતો. પાકિસ્તાનને રહેવાશી આતંકી કારીને લશ્કરના સરગનાઓએ જમ્મુ-કાશ્મીરમાં આતંકની નવી લહેર પેદા કરવા મોકલ્યો હોવાનો દાવો કરાયો છે. અત્યાર સુધી રાજૌરીના કાલાકોટના જંગલોમાં ચાલી રહેલા એક્કાઉન્ટરમાં બે અધિકારીઓ સહિત ૪ સૈનિકો શહીદ થઈ ગયા હતા. તે આઈઆઈડી બોમ્બ બનાવવાનો એક્સપર્ટ હતો. આ ઉપરાંત ગુફાઓમાં છુપાઈને લાંબા સમય સુધી આતંકી પ્રવૃત્તિઓને અંજામ આપવામાં પણ માહેર હતો.



જમ્મુ-કાશ્મીરમાં તહેનાત ડિફેન્સ પીઆરઓએ કહ્યું કે કારી એક ટ્રેઈન્ડ સ્નાઈપર હતો. તેનાથી જ સમજી શકાય છે કે સુરક્ષાદળોએ કેટલાક મોટા આતંકીને ઠાર મારવામાં સફળતા મેળવી છે. તેણે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ટ્રેનિંગ લીધી હોવાનો ખુલાસો થયો છે. તે લશ્કર એ તોયબાના સિનિયર કમાન્ડરોમાં સામેલ હતો. તે ડાંગરી અને કાંડીમાં પણ થયેલા આતંકી હુમલાઓનો માસ્ટર માઈન્ડ હતો.

### રાજસ્થાનમાં ચૂંટણી પ્રચારનો છેલ્લો દિવસ

## કોંગ્રેસના ખોટા વચનો પર પીએમ મોદીની ગેરંટી ભારે

| દેવગઢ, તા.૨૩ |

રાજસ્થાનમાં આજે ચૂંટણી પ્રચારનો છેલ્લો દિવસ છે. ત્યારે પીએમ મોદીએ રાજસ્થાનના દેવગઢમાં ચૂંટણી પ્રચાર કરતા કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસે હંમેશા ખોટા વચનો આપ્યા છે અને તેના પર મોદીની ગેરેંટી ભારી છે. રાજસ્થાનના દેવગઢમાં વિશાળ જનસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ સચિન પાયલોટનું નામ લઈને કોંગ્રેસ પર કટાક્ષ કર્યો હતો. પીએમ એ કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીના હાઈકમાન પોતાની સામે કોઈને કંઈ જ નથી સમજતા. તેમણે કહ્યું કે, ગુર્જર સમાજથી સચિનને પણ તેમણે ચૂંટણી જીત્યા બાદ દુધમાંથી માખીની જેમ બહાર કરી દીધા હતા. પીએમ એ કહ્યું કે, કોંગ્રેસે પહેલા ગુર્જર સમાજના નેતા રાજેશ પાયલોટનું અપમાન કર્યું અને હવે સચિનની સાથે પણ એવું જ કર્યુ. પીએમ મોદીએ આગળ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસે જળ...જમીન...આકાશ દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર કર્યો છે. પીએમ એ કહ્યું કે, ૨૦૧૪ પહેલા માત્ર ભ્રષ્ટાચાર જ થતો હતો અને ત્યારે ભાજપ ન આવી હોત તો તેજસ જેવા ફાઈટર પ્લેન પણ દેશના જવાનોને ન મળ્યા હોત. મોદીએ કહ્યું કે, મહિલાઓના અપમાનને ખતમ કરવા માટે લોકોએ હવે રાજસ્થાનમાં કોંગ્રેસને સત્તા પરથી હટાવવી પડશે અને ભાજપને સત્તામાં લાવવી પડશે. પીએમે કહ્યું કે, કોંગ્રેસે રાજસ્થાનને ગુનાઓમાં નંબર વન બનાવી દીધુ છે પરંતુ ભાજપ રાજસ્થાનને રોકાણમાં અગ્રેસર બનાવશે.



### ગેહલોતે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે માસ્ટર સ્ટ્રોક

## એક ગુજરાતી આવીને વોટ માગી રહ્યો છે તો હું ક્યાં જઈશ : ગેહલોત

| જયપુર, તા.૨૩ |

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે ચૂંટણી પ્રચારના છેલ્લાં દિવસે 'બાહરી વિ. લોકલ' નો કાર્ડ ખેલી નાખ્યો હતો. ગેહલોતે ખુદને રાજસ્થાની ગણાવતાં કહ્યું કે એક ગુજરાતી આવીને વોટ માગી રહ્યો છે તો હું ક્યાં જઈશ. ગેહલોતે પીએમ મોદીના એક કથિત નિવેદનનો ઉલ્લેખ કરતાં આ વાત કહી હતી અને કહ્યું કે તેમણે પણ ગુજરાતમાં આવી વાત કહીને ચૂંટણી પલટી નાખી હતી. અશોક ગેહલોતે કહ્યું કે ૨૦૧૭ની ગુજરાતની વિધાનસભા ચૂંટણી વખતે પીએમ મોદીએ ગુજરાતી કાર્ડ રમીને ચૂંટણીના પરિણામો ફેરવી નાખ્યા હતા. ત્યારે હું કોંગ્રેસનો ઈન્ચાર્જ હતો. ગેહલોતે કહ્યું કે પીએમ મોદી જે અભિનેતા પણ છે તેમણે તે વખતે કહ્યું હતું કે હું ઓબીસીનો છું, મને અપશબ્દો કહ્યા. કમાલ છે, કોઈએ તેમને અપશબ્દો નહોતા કહ્યા. તેમણે એકદમ માહોલ બનાવી દીધો. અશોક ગેહલોતે કહ્યું કે તે સમયે મોદીએ મને ટાંકીને કહ્યું હતું કે એક મારવાડી આવ્યો છે અહીં, ભાઈઓ-બહેનો જો મારવાડીની વાત માનશો તો હું તો ગુજરાતી છું. હું કોની પાસે વોટ માગવા જઈશ. ગેહલોતે કહ્યું કે તે સમયે મોદીએ ગુજરાતી બનીને લોકોથી વૉટ લઈ લીધા. અમે સફળ થવાના જ હતા અને ન થયા. અશોક ગેહલોતે કહ્યું કે હવે તે ગુજરાતી અહીં આવ્યા છે. અમે તો એવું નથી કહેતા કે ગુજરાતી આવ્યો છે ભાઈ. ભાઈઓ-બહેનો ગુજરાતીની વાત માનશો તો હું ક્યાં જઈશ. ગેહલોતે કહ્યું કે હું પણ હવે એ જ કહી રહ્યો છું કે રાજસ્થાનના લોકો એક ગુજરાતી અહીં આવીને ફરી રહ્યો છે.



## સંસદ પોર્ટલનું લોગઈન-પાસવર્ડ સાંસદો પૂરતું જ મર્યાદિત રહેશે

| નવી દિલ્હી, તા.૨૩ |

પૈસા અને ગિફ્ટ્સ લઈને સવાલો પૂછવાના વિવાદમાં ફસાયેલા તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાના વિવાદ બાદ સંસદે નવો નિયમ બનાવ્યો છે. હવે સંસદ પોર્ટલનું લોગઈન અને પાસવર્ડ માત્ર સાંસદો પૂરતું જ મર્યાદિત રહેશે. એટલે કે તેમના અંગત મદદનીશ (પીએ) અથવા સેક્રેટરી હવે લોગઈન કરી શકશે નહીં. સૂત્રોએ જણાવ્યું હતું કે જોકે નવા નિયમ પ્રમાણે સાંસદો તેમના પીએ અને સેક્રેટરીની પાસે બેસીને લોગઈન કરાવી શકશે પરંતુ સાંસદોને લોગઈન-પાસવર્ડ અને ઓટીપી શેર કરવાની મંજૂરી નહીં હોય.

### સુપ્રીમ કોર્ટના જજ બનનાર પ્રથમ મહિલા હતા

## સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ ફાતિમા બીવીનું ૯૬ વર્ષની વયે નિધન

| નવી દિલ્હી, તા.૨૩ |

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ ફાતિમા બીવીનું નિધન થયું છે. જસ્ટિસ ફાતિમા બીવી ભારતની સુપ્રીમ કોર્ટના જજ બનનાર પ્રથમ મહિલા હતા. આ ઉપરાંત તેઓ દેશના ઉચ્ચ ન્યાયતંત્રમાં નિયુક્ત થનારી પ્રથમ મુસ્લિમ મહિલા પણ હતા. સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા જજ એમ ફાતિમા બીવીનું ૯૬ વર્ષની વયે કેરળની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું છે. જજ ફાતિમા બીવીનો જન્મ ૧૯૨૭માં કેરળમાં થયો હતો અને તેના પિતાએ તેને કાયદાનો અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ૧૯૫૦માં બાર કાઉન્સિલની પરીક્ષામાં ટોપ કર્યું અને બાર કાઉન્સિલ ગોલ્ડ મેડલ મેળવનારી પ્રથમ મહિલા બન્યા હતા. કેરળમાં વકીલ તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી અને ૧૯૭૪માં જિલ્લા અને સત્ર ન્યાયાધીશ બનવા સુધી તેમણે કામ કર્યું હતું.

## કપૂરથલામાં ગુરૂદ્વારાની માલિકીના ગોળીબારમાં એક પોલીસનું મોત

| કપૂરથલા, તા.૨૩ |

પંજાબના કપૂરથલામાં એક ગુરુદ્વારામાં નિહંગ શીખો અને પોલીસ વચ્ચે અથડામણના સમાચાર મળી રહ્યા છે. માહિતી અનુસાર નિહંગોએ વર્ચસ્વ અને માલિકી સ્થાપિત કરવાની આ લડાઈમાં પોલીસ પર જ ગોળીબાર કરી દીધો હોવાનું મનાય છે. આ અથડામણમાંએક પોલીસકર્મીનું મોત થયું હતું જ્યારે ત્રણ પોલીસકર્મી ઘાયલ થયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ગોળીબાર ગુરુદ્વારાની માલિકીને લઈને થયો હતો. ઘાયલ પોલીસકર્મીઓને હોસ્પિટલ ખસેડાયા હતા. કપૂરથલાના શ્રી અકાલ બુંગા ગુરુદ્વારામાં પોલીસ અને નિહંગ શીખોના જૂથ વચ્ચે અથડામણ બાદ ફાયરિંગની ઘટના બની હતી.

### રામ મંદિર ઉદ્ઘાટનની તારીખ સાથે લગાવી તસવીર

## BJPએ બદલ્યું સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનું બેકગ્રાઉન્ડ પોસ્ટર

| નવી દિલ્હી, તા.૨૩ |

BJP એ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનું બેકગ્રાઉન્ડ પોસ્ટર બદલ્યું છે. પાર્ટીએ રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાની તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ અને અયોધ્યામાં બની રહેલા રામ મંદિરના નિર્માણની તસવીરને નવું બેક ગ્રાઉન્ડ પોસ્ટર બનાવ્યું છે. ભાજપના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મૂકવામાં આવેલા નવા બેકગ્રાઉન્ડ પોસ્ટરમાં, અયોધ્યાના રામ મંદિરમાં આયોજિત રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની તારીખ '૨૨ જાન્યુઆરી ૨૦૨૪' અને જયશ્રીરામ લખ્યું છે. આ નવા બેકગ્રાઉન્ડ પોસ્ટરમાં અયોધ્યામાં બની રહેલા રામ મંદિરની તસવીર પણ મૂકવામાં આવી છે અને તેની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાથ જોડીને જોવા મળી રહ્યા છે. આ પોસ્ટરમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ જોવા મળી રહ્યા છે.




## ન્યૂઝ બ્રિફ

### ગુજરાત રાજ્યમાં નવા ૧૮ પાર્ક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી

। ગાંધીનગર,તા.૨૩ ।

ગુજરાત સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત સમિટ પહેલા જ ગુજરાતમાં નવા ૧૮ પાર્ક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. આગામી જૂન ૨૦૨૫ સુધીમાં તમામ પાર્ક કાર્યરત કરી દેવામાં આવશે. રાજકોટ, પોરબંદર, વલસાડ સહિતમાં પાર્ક સ્થાપવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે પાર્કથી આદિવાસી વિસ્તારમાં રોજગારીની નવી તકો ઉભી થશે.વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪ માટે સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ સાથે જ ગુજરાતમાં નવા ૧૮ પાર્ક સ્થાપવાની જાહેરાત પણ સરકાર દ્વારા કરવામાં આવી છે. આગામી જૂન ૨૦૨૫ સુધીમાં તમામ પાર્ક કાર્યરત કરી દેવાશે. વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪ ગુજરાતમાં રોકાણકારો માટે મહત્વની બની રહેશે. ગુજરાત સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત સમિટ પહેલા જ ગુજરાતમાં નવા ૧૮ પાર્ક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. આગામી જૂન ૨૦૨૫ સુધીમાં તમામ પાર્ક કાર્યરત કરી દેવામાં આવશે. રાજકોટ, પોરબંદર, વલસાડ સહિતમાં પાર્ક સ્થાપવામાં આવશે.

### અમદાવાદમાં વ્યાજની લાલચે 30 લોકો સાથે ૧ કરોડથી વધુની છેતરપિંડી થઇ

। અમદાવાદ, તા.૨૩ ।

આ સ્કીમ પર મૂડી કે વ્યાજ ન આપીને લોકો સાથે ઠગાઈ આચરવામાં આવી હતી. આ ગુનામાં ફરાર મુખ્ય આરોપી સાસરીમાં છુપાયાની જાણ થતા જ પોલીસે ઝડપી પાડ્યો છે. તો ફરાર સંજય ભટ્ટાચાર્ય, ઉમેશ પંજાબી અને ચાર્મી મોદીની પોલીસે શોધખોળ હાથ ધરી છે.પોન્ઝી સ્કીમ બનાવી ૩૦ લોકો પાસેથી એક કરોડથી વધારેની ઠગાઈ કરનાર મુખ્ય આરોપી શિશિર દરોલિયા ઉદયપુરથી ઝડપાયો છે. ૨૦૧૫માં અમદાવાદના નવગંર પુરાના રાજકમલ પ્લાઝામાં ઓફિસ શરૂ કરી હતી. જે બાદ ફિક્સ ડિપોઝિટ, રિકરિંગ, ગુલ્લક, મનીબેક પ્લાન અને મંથલી પ્લાન જેવી અલગ-અલગ સ્કીમ મુકી અંદાજે ૩૦ જેટલા લોકોને વધારે વ્યાજની લાલચ આપીને રોકાણ કરાવ્યું હતું.આ સ્કીમ પર મૂડી કે વ્યાજ ન આપીને લોકો સાથે ઠગાઈ આચરવામાં આવી હતી. આ ગુનામાં ફરાર મુખ્ય આરોપી સાસરીમાં છુપાયાની જાણ થતા જ પોલીસે ઝડપી પાડ્યો છે. તો ફરાર સંજય ભટ્ટાચાર્ય, ઉમેશ પંજાબી અને ચાર્મી મોદીની પોલીસે શોધખોળ હાથ ધરી છે.પોલીસે ઝડપેલા મુખ્ય આરોપીની પૂછપરછમાં ઠગાઈનો ચોક્કસ આંક મળવાની સાથે જ કેટલાક નવા ખુલાસા થઈ શકે છે. આ ઉપરાંત ઠગાઈનો ભોગ બનનારા લોકોને નાણાં પરત મળશે કે કેમ તે આગળની તપાસમાં સ્પષ્ટ થઈ શકે છે.

**જૂનો નોકર જ નીકળ્યો ચોર?**

# પરિવાર વતન ગયો અને ઘરમાંથી થઇ ૯૫ લાખથી વધુની ચોરી

### અમિતભાઇના પત્ની બેડરૂમનો દરવાજો ચાવીથી ખોલીને અંદર પ્રવેશ્યા ત્યારે લોખંડનું લોકર તુટેલી હાલતમાં પલંગ પર પડ્યુ હતું

। અમદાવાદ, તા.૨૩ ।

શહેરના સેટેલાઈટમાં આવેલા આર્યવ્રત સ્કાયમાં રહેતા બિઝનેસમેનનો પરિવાર વતનમાં ગયો ત્યારે ચોરીની ઘટના બનવા પામી હતી. પરિવારજનો વતનતી પરત ફર્યા ત્યારે બે લોખંડના લોકર તુટેલી હાલતમાં મળ્યા હતા. જેથી તેમાં તપાસ કરી તો ૮૭ લાખ રોકડા અને અન્ય દાગીના મળીને કુલ ૯૫.૫૦ લાખની મતા ચોરી થઈ હોવાનું સામે આવ્યુ હતું.

બાદમાં બિઝનેસમેને સીસીટીવી ફુટેજ તપાસ્યા ત્યારે બે વર્ષ પહેલા તેમના ત્યાં નોકરી કરતો શખ્સ તેની સાથે બે સાગરિતો સાથે ત્યાં જોવા મળ્યો હતો. જેથી તે ત્રણેય લોકો પર શંકા રાખીને સેટેલાઈટ પોલીસે તપાસ હાથ ધરતા ઝોન-૭ એલસીબીએ આ ગુનાનો ભેદ ઉકેલ્યો છે અને આરોપીની અટકાયત કરી તપાસ હાથ ધરી છે. મુળ કાનપુરના અને હાલ



અમદાવાદના સેટેલાઈટમાં આવેલા આર્યવ્રત સ્કાયમાં રહેતા અમિતભાઈ કારીવાલા રહે છે.

અમિતભાઈ સ્વસ્તિક ચાર રસ્તા પાસે આદિત્ય ઈન્ટરનેશનલ કંપનીમાં એન્જીનીયરીંગ તથા ટ્રેક્ટરની એજન્સી ધરાવે છે. ગત ૧૦મીના રોજ અમિતભાઈ, પત્ની અને પુત્રી ઘરને તાળુ મારીને મુખ્ય દરવાજાની ચાવી ઓફિસમાં કામ કરતા રાકેશ ચૌધરીને આપીને વતનમાં ગયા હતા. વતનમાં જતા પહેલા કબાટમાં રાખેલા લોકરની ચાવી અન્ય જગ્યાએ મૂકીને ગયા હતા. કારણ કે, લોકરમાં ૮૭ લાખ રોકડા અને સોના ચાંદીના દાગીના પણ હતા. બાદમાં ગત તા.૨૦મીએ અમિતભાઈના પત્ની અને પુત્રી વતનથી પરત ફર્યા ત્યારે મુખ્ય દરવાજો તથા રૂમનો દરવાજો બંધ હોવાથી ચાવીથી ખોલીને બંને ઘરમાં પ્રવેશ્યા હતા. અમિતભાઈના પત્ની બેડરૂમનો દરવાજો ચાવીથી ખોલીને અંદર પ્રવેશ્યા ત્યારે લોખંડનું લોકર તુટેલી હાલતમાં પલંગ પર પડ્યુ હતું અને બીજુ લોકર ખુલ્લી હાલતમાં હતું. જેથી અમિતભાઈ ૨૧મીએ કાનપુરથી નીકળીને અમદાવાદ ઘરે આવી પહોંચ્યા હતા.

ઘરે આવીને જોયુ તો તસ્કરોએ લોખંડનું લોકર કાપીને ૮૭ લાખ રોકડા તથા આઠેક લાખના સોનાના છથી સાત પેન્ડલ, બુટ્ટી, વિંટી અને ૫૦ હજારના ચાંદીના દાગીના મળી ૯૫.૫૦ લાખની મતા ચોરી ફરાર થયા હતા. જે મામલે સેટેલાઈટ પોલીસને જાણ કરાઈ હતી.

પોલીસે સીસીટીવી ફુટેજ તપાસતા બે વર્ષ પહેલા નોકરી કરતા ગોવિંદ મેઘવાલ તથા અન્ય બે શખ્સોની હિલચાલ જોવા મળી હતી. જેથી તેમની પર પોલીસે શંકા વ્યક્ત કરીને ત્રણેયની શોધખોળ કરતા ઝોન-૭ એલસીબીને સફળતા હાથ લાગી હતી. સૂત્રોનું માનીએ તો પોલીસે આરોપીની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરતા ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલીને ઘરમાં પ્રવેશીને લોકર કાપીને ચોરીને અંજામ આપ્યો હતો. આ ગુનાનો મુખ્ય આરોપી ગોવિંદ મેઘવાલ અગાઉ બે વર્ષ પહેલા છએક માસ નોકરી કરી ચૂક્યો હોવાથી તમામ ગતિવિધીઓથી વાકેફ હતો અને ચોરીને અંજામ આપ્યો હતો.

**દક્ષિણ સૌરાષ્ટ્રનાં જિલ્લામાં સિંહનો વસવાટ છે**

# ગામના સીમાડે સિંહના ધામા, શિકારનો વીડિયો થયો વાયરલ

### જાફરાબાદ તાલુકાના હદ વિસ્તારમાં આવેલ કોવાયા ગામના રેવન્યુ વિસ્તારમાં રાત્રીના સમયે એક સિંહ શિકારની શોધમાં આવ્યો હતો

। અમરેલી, તા.૨૩ ।

દક્ષિણ સૌરાષ્ટ્રનાં જિલ્લામાં સિંહનો વસવાટ છે. સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓ ગામડાઓ સુધી પહોચી ગયા છે. શિકારની શોધમાં રાત્રીનાં ગામડાની ગલીઓમાં સિંહ ફરતા જોવા મળે છે. તેમજ ગામમાં સિંહ આવી ચઢયાનાં વીડિયો વાયરલ થતા રહે છે. અમરેલી જિલ્લાનાં જાફરાબાદ પાસે આવેલ કોવાયા ગામ પાસેના રેવન્યુ વિસ્તારમાં સિંહ શિકારની શોધમાં નીકળ્યા હતા અને રોડ પર શિકાર કર્યો



હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ગીર વિસ્તારમાં આવેલા જાફરાબાદ તાલુકાના હદ વિસ્તારમાં આવેલ કોવાયા ગામના રેવન્યુ વિસ્તારમાં રાત્રીના સમયે એક સિંહ શિકારની શોધમાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના સ્થાનિક વ્યક્તિએ કેમેરામાં કેદ કરી લીધી હતી. કોવાયા વિસ્તારમાં અવારનવાર શિકારની શોધમાં સિંહ આવતા હોય છે. ત્યારે વધુ એક વખત ગ્રામીણ વિસ્તારમાં સિંહ પરિવાર શિકારની શોધમાં આવ્યો હતો. શિકારની શોધમાં સિંહ આવતા ગ્રામીણ વિસ્તારમાં રખડતા પશુઓમાં દોડધામ મચી ગઈ હતી. અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સિંહ પરિવાર લટાર મારતા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.

**ડિજિટલ ટિકિટમાં રાજકોટ એસટી વિભાગ મોખરે**

# ૧૫ દિવસમાં ૩૧ હજાર મુસાફરોએ યુપીઆઇથી એસટીની ટિકિટ ખરીદી

### રાજ્યભરમાં એસટી બસમાં મુસાફરી કરતા સમયે મુસાફરો અને કંડકટર વચ્ચે ટિકિટ લેવા સમયે છુટ્ટા બાબતે રકઝક થતી હતી

। રાજકોટ, તા.૨૩ ।

રાજ્યના વાહન વ્યવહાર નિગમ દ્વારા તમામ બસ સ્ટેશનમાં મુસાફરો ડિજિટલ પેમેન્ટ થકી ટિકિટ ખરીદી શકે તે માટે યુપીઆઈની સુવિધા ઉભી કરવામાં આવી છે. રાજકોટનું એસટી વિભાગ રાજ્યનું પ્રથમ ડિવિઝન બન્યું છે કે જ્યાં તમામ બસ સ્ટેશન પર મુસાફરો UPI પેમેન્ટ કરી ટિકિટ લઈ શકે છે. જ્યાં છેલ્લા ૧૫ દિવસમાં ૩૧ હજાર મુસાફરોએ UPI પેમેન્ટ કરી ૪૦ લાખની ટિકિટ બુક કરાવી હતી. ડિજિટલ ઈન્ડિયાના



ભાગરૂપે શરૂ થયેલી આ સુવિધાને મુસાફરોએ વધાવી લીધી છે. રાજકોટ સહિત રાજ્યભરમાં એસટી બસમાં મુસાફરી કરતા સમયે મુસાફરો અને કંડકટર વચ્ચે ટિકિટ લેવા સમયે છુટ્ટા બાબતે રકઝક થતી હતી. જોકે, હવે ઓનલાઈન પેમેન્ટની સુવિધા ઊભી કરવામાં આવતા જે મુસાફરોને ટિકિટના પૈસા છૂટ્ટા ન હોય તો તેવા મુસાફરો પોતાના મોબાઈલથી યુપીઆઇ પેમેન્ટ કરી ટિકિટ લઈ શકે છે.રાજકોટ એસટી બસ સ્ટેશન પરથી દરરોજ ૫૦૦ જેટલી ટ્રીપનું સંચાલન થઈ રહ્યું છે. દરરોજની ૫૦ લાખથી વધુની કમાણી થઈ રહી છે. ત્યારે તેમાં સૌથી વધુ લોકો યુપીઆઈ પેમેન્ટથી ટિકિટ લે તે જરૂરી છે. તાજેતરમા જ રાજકોટ એસટી વિભાગે મોટી કાર્યવાહી કરી હતી. જેમાં ૩૮ જેટલા ટિકિટ વિનાના મુસાફરોને પકડી પાડવામાં આવ્યા હતા.

**પેટ્રોલ પંપ પર ઠગાઇ કરતી ૧૦૦ લોકોની ટોળકીનો આંતક**

# નવસારીના ધોળાપીપળા ગામ નજીક છેંતરપિંડી કરતી ગેંગનો એક ઠગ પકડાયો

। નવસારી,તા.૨૩ ।

નેશનલ હાઈવેને અડીને આવેલા પેટ્રોલ પંપ પર જઈને એક્સિડન્ટ કે અન્ય કારણ બતાવી મૅઝન ના ડીઝલ કાર્ડનો ઉપયોગ કરીને હજારો રૂપિયાની છેતરપિંડી કરતી આંતર રાજ્ય ટોળકીના એકને નવસારી ગ્રામ્ય પોલીસે રંગે હાથ પકડી પાડી મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પેટ્રોલ પંપ પર છેતરપીંડી કરતી આ ટોળકીમાં ઠગબાજોની સંખ્યા વધુ હોવાની અને ગત દિવસોમાં લાખો રૂપિયાની છેતરપીંડી કરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલવા પામ્યું છે. નેશનલ હાઈવે નં. ૪૮ પર નવસારીના ધોળાપીપળા ગામ નજીક આવેલા હરે ક્રિષ્ના પેટ્રોલ પંપ ઉપર ગત ૮ નવેમ્બરના રોજ મહારાષ્ટ્ર પાસિંગની કારમાં આવેલા બે ઠગ ભક્તોએ પંપ એટેન્ડન્ટને તેમની અન્ય એક કારનું એક્સિડન્ટ થયુ હોવાનું જણાવી, કારને ટો કરી મહારાષ્ટ્ર લઈ જવાની હોય, પણ તેમની પાસે રોકડા રૂપિયા ન હોવાથી BPCL ના ડીઝલ કાર્ડ સ્વિપ કરીને રોકડા રૂપિયા આપવા અને એ રકમ ડીજીટલી ટ્રાન્સફર કરવાની વાત કરી હતી. જેથી માનવતા દાખવી પંપ સંચાલકોએ રૂપિયા આપવા હામી ભરી, જેથી BPCL કાર્ડ પરથી ૨૩૮૦૦ રૂપિયા રોકડા લઈ નો દો ગ્યારહ થઈ ગયા હતા. થોડા સમય બાદ ડીજીટલી પેમેન્ટમાં ઠગાયા હોવાનું જાણતા પંપ સંચાલકોએ નવસારી ગ્રામ્ય પોલીસને જાણ કરી હતી. બાદમાં ૧૦ દિવસ બાદ ફરી એજ રીતે મહારાષ્ટ્ર પાસિંગની કાર લઈને આવેલા ઠગ ભગતોએ પેટ્રોલ પંપ એટેન્ડન્ટને વાતમાં પાડતા સંચાલક તેમને ઓળખી ગયા હતા અને તેને પકડી પાડયો હતો.

**અમદાવાદમાં પશુ રાખવા માટે મનપાની મંજૂરી જરૂરી**

# માલધારીઓને AMCની અંતિમ નોટિસ : પશુઓને રાખવા જગ્યા ન હોય તો શહેરની બહાર લઈ જાઓ

### હજી સુધી કેટલાય પશુપાલકોએ આ આકાર્યવાહી કરી ન હોવાથી મનપા દ્વારા અંતિમ નોટિસ ફાળવવામાં આવી છે

। અમદાવાદ,તા.૨૩ ।

દિવાળી બાદ ફરી એકવાર અમદાવાદમાં પશુ પાલકોને અંતિમ સૂચના આપવામાં આવી છે. વિગતો મુજબ અમદાવાદ શહેરમાં હવે પશુ રાખવા લાયસન્સ લેવું પડશે. જેને લઈ અગાઉ પણ જાણ કર્યા બાદ હવે દિવાળીના તહેવારો બાદ ફરી એકવાર અંતિમ નોટિસ આપ વામાં આવી છે. આ નોટિસમાં જેમની પાસે જગ્યા નથી તેમણે પશુને શહેરની બહાર લઈ જવા પડશે તેવું જ જણાવાયું છે. મહત્વનું છે કે, હવે જો પશુમાલિકો પશુ માટે લાયસન્સ નહીં લે તો મનપા કાર્યવાહી કરશે.મેગા સિટી અમદાવાદમાં પણ રખડતાં ઢોરોની ત્રાસ સતત વધી રહ્યો છે. જેને લઈ તાજેતરમાં તંત્ર દ્વારા પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ પોલીસી-૨૦૨૩ને અમલમાં મૂકી હતી. મહત્વનું છે કે, આ પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ પોલીસી-૨૦૨૩ અંતર્ગત અમદાવાદ શહેરમાં પશુ રાખવા લાયસન્સ-પરમિટ મેળવવી આવશ્યક છે. જોકે હજી સુધી કેટલાય પશુપાલકોએ આ આકાર્યવાહી કરી ન હોવાથી મનપા દ્વારા અંતિમ નોટિસ ફાળવવામાં આવી છે. પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ પોલીસી-૨૦૨૩ અંતર્ગત અમદાવાદ શહેરમાં પશુ રાખવા લાયસન્સ-પરમિટ મેળવવી આવશ્યક છે. જે અંતગર્ત પશુ રાખવા માટે નિયમાનુસાર કબ્જા માલિકી/ભોગવટાની જગ્યા ન ધરાવતા પશુપાલકો/પશુમાલિકોને પોતાના પશુ અમદાવાદ શહેરની હદ બહાર તાકીદે ખસેડી લેવા અંતિમ ચેતવણી આપવામાં આવી છે.

## વિશેષ

**પ્રાકૃતિક કૃષિ પેદાશના માર્કેટિંગ ગુરુ પડધરીના શક્તિસિંહ જાડેજા**

# સોશિયલ મીડિયાના માધ્યમથી કૃષિ ઉત્પાદન પહેલા જ બુકીંગ ઓર્ડર મળી જાય છે : પ્રગતિશીલ ખેડૂત શક્તિસિંહ

આમ તો ખેડૂત ખેતી કરી જાણે, કે બહુ બહુ તો વેપારીઓને માલ વેચી નવા પાકની તૈયારી કરી શકે. સમય ચક્રના બદલાવ સાથે તાલ મિલાવી આ ક્રમને બદલાવવાનું કામ નવી પેઢીના ખેડૂતો આજે બખૂબી કરી રહ્યા છે. આ યુવા ખેડૂતો માત્ર ખેતીમાં જ નહીં પરંતુ કૃષિ પેદાશનુ મૂલ્યવર્ધન કરી તૈયાર ઉત્પાદનોનું વેચાણ કરે અને તે પણ હાઈટેક માર્કેટિંગ સ્કીલ સાથે...! આવા જ એક પ્રગતિશીલ યુવા ખેડૂત મૂળ શિક્ષક એવા શક્તિસિંહ જાડેજા સોશિયલ મીડિયાના માધ્યમથી તેઓની કૃષિ પેદાશૌનું ઘેર બેઠા સીધું વેચાણ કરી અન્ય ખેડૂતો માટે રોલ મોડેલ બન્યા છે. શક્તિસિંહ તેમની સફળતાની વાત કરતા જણાવે છે કે, હું છેલ્લા ૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરું છું, કૃષિ પેદાશનું વેલ્યુ એડિસન કરી પાવડર બનાવી પેકેજીંગ સાથે પ્રોડક્ટ તૈયાર કરી તેનું વેચાણ કરું છું. આ માટે મારે વેપારી કે ગ્રાહક શોધવા જવું નથી પડતું, કારણકે મારી સાથે ૨૫૦ થી વધુ ડેડીકેટેડ ગ્રાહકો જોડાયેલા છે. જેને હું માલ ડાયરેક્ટ સપ્લાય કરું છું.

રાજકોટના પડધરી પાસેના નાના એવા ગામના યુવા ખેડૂત શ્રી શક્તિસિંહ જાડેજા આવડો મોટો ગ્રાહક વર્ગ કેવી ઉભો કર્યો તેનું રહસ્ય જણાવતા કહે છે કે મેં માર્કેટિંગ માટે સોશિયલ મીડિયા ટૂલ્સનો ઉપયોગ કર્યો. મારા ફેસબુક એકાઉન્ટ પર ૩૫૦૦ થી વધુ ફ્રેન્ડ્સ છે અને મારી બ્રાન્ડના પેજ પર ૧૧૦૦ થી વધુ ફોલોઅર્સ છે. જયારે વોટ્સએપમાં ૫૦૦ થી વધુ અને યુ ટ્યૂબ પર ૭૫૦ જેટલા ફોલોઅર્સ છે. મગફળી, કઠોળ અને મસાલાની વાવણીની શરૂઆત કરું તે સાથે જ હું પોસ્ટ મૂકી દઉં, ક્યારે પાક અને માલ તૈયાર થશે તેની જાણકારી સતત આપતો રહુ એટલે મારા ફોલોઅર્સ ગ્રાહકો મને ઓર્ડર્સ આપી દે. આ રીતે મારે ગ્રાહક શોધવા જવા પડતા નથી. રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા. સુરત અને મુંબઈમાં પણ તેમનો કસ્ટમર વર્ગ ફેલાયેલો છે. આશ્ચર્યની વાત એ છે કે સોશિયલ મીડિયા માર્કેટિંગ કંપની જે પ્રકારે કામગીરી કરે છે તેઓ જાતેજ અનુભવે પોસ્ટ ક્યાં દિવસે અને ક્યાં સમયે મુકવી જોઈએ તેની પણ મહત્તા સમજે છે. તેઓ ભારપૂર્વક જણાવે છે કે ખેડૂતોએ હવે હળની સાથે મોબાઈલ ચલાવતા પણ શીખી લેવું જરૂરી છે. પડધરીના ખોખરી ગામે ૧૦ વીઘામાં પ્રાકૃતિક ખેતી કરતા શક્તિસિંહ ઘઉં, મગફળી, સરગવો, શાકભાજી તેમજ મરચીનું ઉત્પાદન કરે છે. મૂળ પાકના ઉત્પાદનમાં વેલ્યુ એડિસન કરી તેઓ ઘઉંનો પોક, મગફળીનું તેલ, સરગવાનો પાવડર, મરચીનો પાવડર જાતે જ પ્રોસેસ કરી તેનું વેચાણ કરે છે. જેથી તેઓને બમણી આવક થાય છે. તેમણે ગત વર્ષે ૫૦૦ કિલો ઘઉંનો પોક વેચેલો, આ વર્ષે દોઢ વીઘામાં ઘઉં વાવેલા છે. જેમાં આશરે ૭૦૦ કિલો








પોક તૈયાર થશે અને રૂ.૩૦૦ લેખે પોક વેંચતા તેમને ૨ લાખ ૧૦ હજારની આવક થશે. સાથે એક એકરમાં તેમણે શેરડી પણ વાવી છે. જેનો પાક એક સપ્તાહમાં ઉતરશે. મણે ૫૦૦ રૂ. ભાવે વેચાતી સામાન્ય શેરડીના બદલે રૂ. ૪૦૦ ના ભાવે શેરડી વેચવા છતાં પણ તેમને સારો એવો નફો મળશે. આ ઉપરાંત તેઓ તેમના ફાર્મમાં ગૌશાળા પણ ચલાવે છે જેમાં ગોબરનું ખાતર બનાવી તેઓ ખાતરની બેગનું પણ વેચાણ કરે છે જેમાંથી અલગ આવક થાય છે આ સાથે તેઓએ એગ્રી ટૂરિઝમ પણ શરૂ કર્યું છે, જેમાં તેઓ વીકમાં બે દિવસ બુધ અને રવિવારે તેમના ફાર્મ હાઉસ પર લોકોને આમંત્રણ આપે છે. અહીં તેઓને પ્રાકૃતિક ખેતીમાંથી બનાવેલ રસોઈ જમાડે છે. તેમ જ પ્રાકૃતિક ખેતી કેવી રીતે થાય છે તેનું જ્ઞાન આપે છે. અહી લોકોને પ્રાકૃતિક ખેતી લાઈવ જોવા મળે છે, જેનાથી લોકો પ્રાકૃતિક ખેતી અંગે વધુ સજાગ બને તેમ તેઓનો ઉદ્દેશ હોવાનું શ્રી શક્તિસિંહ જણાવે છે. મૂળ શિક્ષક એવા શક્તિસિંહ શિક્ષક તરીકેની નોકરી છોડી પરંપરાગત ખેતીના વ્યવસાયમાં જોડાઈ રાસાયણિક ખેતી છોડી છેલ્લા ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. પહેલા વર્ષે માત્ર અઢી લાખની આવક સામે ચાર વર્ષમાં હાલ તેઓની આવક દસ લાખ જેટલી પહોંચી હોવાનું તેઓ ગૌરવ સાથે જણાવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે, ભારતના ખેડૂતોની આવક બમણી થાય. ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક ખેતીની ચળવળ ચલાવી રહ્યા છે. જેના પરિણામે ગુજરાતના ખેડૂતો સતત પરિવર્તન સાથે આગળ વધી રહ્યા છે, ત્યારે શક્તિસિંહ જેવા યુવા પ્રગતિશીલ ખેડૂતો અન્ય માટે પ્રેરણારૂપ બની રહ્યા છે અને આવનારા સમયમાં ખેડૂતોનું ભવિષ્ય ખૂબ જ ઉજ્વળ છે તેમ ચોક્કસ કહી શકાય.

## ન્યુઝ બોક્ષ



### શ્રીનગરમાં સિઝનનું સૌથી ઓછું તાપમાન, માઈનસ ૧.૮ ડીગ્રી

। શ્રીનગર, તા.૨૩ ।

સમગ્ર કાશ્મીરમાં તાપમાન શૂન્ય ડિગ્રી સેલ્સિયસ નીચે જતા રહેવાની સાથે શીત લહેર શરૂ થઈ ગઈ છે. બીજી તરફ શ્રીનગરમાં રાતના સમયે સિઝનનું સૌથી ઓછું તાપમાન નોંધવામાં આવ્યું હતું તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું. સવારના સમયે ધુમ્મસને કારણે શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિકને અસર થઈ હતી. કાશ્મીર ખીણમાં તાપમાન ઘટવાની સાથે ધુમ્મસનું પ્રમાણ વધ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરનું ગરમીની સિઝનના પાટનગર શ્રીનગરમાં રાતના સમયે માઈનસ ૧.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. જે એક દિવસ પહેલા માઈનસ ૧.૨ ડિગ્રી સેલ્સિયસ હતું. જે આ સિઝનનું સૌથી ઓછું તાપ માન છે.કાશ્મીરમાં પહલગામ માઈનસ ૩.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ હતું. પુલવામામાં લઘુતમ તાપમાન માઈનસ ૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.




### ઈન્ફ્લૂએન્ઝા જેવી બીમારી ફેલાયા હોવાનો ચીનનો દાવો

। બેઈજિંગ, તા.૨૩ ।

કોરોના જેવો રોગ આખી દુનિયામાં ફેલાવનાર ચીન ફરી એકવાર રહસ્યમય રોગની લપેટમાં છે. આ રોગથી મોટાભાગના બાળકો પીડિત થઈ રહ્યા છે. ચીનનું કહેવું છે કે તેને ત્યાં ઈન્ફલૂએન્ઝા જેવી બીમારી ફેલાઈ રહી છે. આ મામલે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) પણ એક્ટિવ થઈ ગયું છે. માહિતી અનુસાર જે બાળકો આ રોગથી પીડાઈ રહ્યા છે તેમને શ્વાસ લેવામાં તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ડબ્લ્યૂએચઓએ કહ્યું કે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગના ચીનના અધિકારીઓએ ૧૨ નવેમ્બરે એક પત્રકાર પરિષદ સંબોધી હતી અને ચીનમાં શ્વાસ સંબંધિત આ રોગ વિશે માહિતી આપી હતી. આ રહસ્યમય રોગથી બીમાર બાળકોમાં કોઈ ચોક્કસ લક્ષણ તો નથી પરંતુ બાળકોના શરીરનું તાપમાન વધી જાય છે અને ફેફસાંમાં ગાંઠ બની જાય છે. હોસ્પિટલમાં ફરી બેડ ખૂટી પડવાની સ્થિતિ સર્જાઈ રહી છે.



### હમાસ વધુ ૧૦ કેદી મુક્ત કરે તો એક દિવસના સીઝફાયરની ઈઝરાયેલની ઓફર

। જેરૂસલેમ, તા.૨૩ ।

ઈઝરાયલ અને ગાઝા પટ્ટી વચ્ચે સીઝફાયર અંગે સહમતિ સધાઈ ચૂકી છે. આ સીઝફાયરના બદલામાં હમાસ દ્વારા ઈઝરાયલના બંધક બનાવાયેલા ૫૦ લોકોને મુક્ત કરવામાં આવશે. જોકે ઈઝરાયલે કેદ કરી રાખેલા ૧૫૦ પેલેસ્ટિનીઓને પણ મુક્ત કરવા પડશે અને ગાઝામાં વધુ માનવીય સહાયની મંજૂરી આપવી પડશે. જોકે સીઝફાયર અને બંધકોની મુક્તિનો મામલો શુક્રવાર સુધી ટળી ગયો હોવાની માહિતી છે. ઈઝરાયલી રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના નિર્દેશક તજાચી હાનેગ્બીએ કહ્યું હતું કે બંધકોની મુક્તિ પર અમે આગળ વધી રહ્યા છીએ. બંધકોને મુક્ત કરવાની શરૂઆત તમામ પક્ષો વચ્ચે મૂળ સમજૂતીના આધારે થશે. જોકે તે શુક્રવાર પહેલા શરૂ નહીં થાય.

---

### વિશ્વના અર્થતંત્ર અને વેપાર-રોજગાર ઉપર અભ્યાસ

# આગામી વર્ષે વિશ્વમાં આશરે ૧૧.૩ કરોડ લોકો મિડલ ક્લાસ કેટેગરીમાં ઉમેરાશે

**લોકોની સરેરાશ આવકમાં સહેજ વધારો તથા ખર્ચમાં ઘટાડો થવાથી એક મોટો વર્ગ ગરીબીમાંથી ઉપર આવશે**

। નવી દિલ્હી, તા.૨૩ ।

વર્લ્ડ ડેટા લેબ દ્વારા વિશ્વના અર્થતંત્ર અને વેપાર-રોજગાર ઉપર તાજેતરમાં એક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસના આંકડા જણાવે છે કે, આગામી વર્ષે સમગ્ર વિશ્વમાં ૧૧.૩ કરોડ લોકો મધ્યમ વર્ગ એટલે કે મિડલ ક્લાસ કેટેગરીમાં ઉમેરાશે. જાણકારોના મતે લોકોની સરેરાશ આવકમાં સહેજ વધારો થવાના કારણે તથા ખર્ચમાં ઘટાડો થવાના કારણે એક મોટો વર્ગ ગરીબીમાંથી ઉપર આવશે અને મિડલ ક્લાસમાં જોડાશે. તેમના મતે ૨૦૨૪માં આ ૧૧.૩ કરોડ લોકોનો ઉમેરો થવાનો છે. આ ઉમેરો કરવામાં સૌથી મોખરે ભારત રહેશે. ત્યારબાદ ચીન અને એશિયાના અન્ય દેશો આવશે. જાણકારોના મતે રશિયા અને યુક્રેન વચ્ચે ચાલતું યુદ્ધ હજી કોઈ ઉકેલ તરફ ગયું નથી ત્યાં મિડલ ઈસ્ટમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે શરૂ થયેલા સંઘર્ષે વિશ્વને ચિંતામાં લાવી દીધું છે. ઘણા દેશો હમાસ અને પેલેસ્ટાઈનને સાથ આપે છે અને તેમનું સમર્થન કરે છે તો બીજી તરફ ઘણા એવા દેશો છે ઈઝરાયેલનો સાથ આપે છે. આ આંતરરાષ્ટ્રીય રાજકારણ વચ્ચે આર્થિક સ્થિતિ પણ સમજવી અને જાણવી પડે તેવી છે. યુદ્ધોના આ જુવાળ અને ભારેલા અગ્નિને કાપુમાં નહીં કરવામાં આવે તો તેની લાંબીગાળે દેશ-દુનિયા ઉપર મોટી અસર થશે. આ અસરોને પરિણામે જ મિડલ ક્લાસમાં મોટાપાયે લોકો ઉમેરાતા જશે.



વર્લ્ડ ડેટા લેબ દ્વારા કરવામાં આવેલા આ અભ્યાસમાં બહાર આવ્યું છે કે, ભારતમાં ૩.૩ કરોડ લોકો અને ચીનમાં ૩.૧ કરોડ લોકો મિડલ ક્લાસ કેટેગરીમાં ઉમેરાશે. ૨૦૧૭માં કરવામાં આવેલા પર્ચેઝિંગ પાવર પેરિટીના આધારે મિડલ ક્લાસની ગણતરી કરવામાં આવી રહી છે. તેના આધારે એશિયામાં ૯.૧ કરોડ લોકો, આફ્રિકામાં ૧ કરોડ લોકો, લેટિન અમેરિકામાં ૬૦ લાખ લોકો અને બાકીના વિશ્વમાં ૫૦ લાખ લોકો મિડલ ક્લાસમાં જોડાવાના છે. જે લોકોની રોજિંદા ધોરણે ૧૨ ડોલર જેટલી રકમ ખર્ચવાની શક્તિ હોય તેમને મિડલ ક્લાસમાં ગણવામાં આવે છે. જાણકારોના મતે શહેરીકરણ અને વસતી વધારો પણ આ દિશામાં મદદગાર સાબિત થઈ રહ્યો છે.

શહેરીકરણમાં વેગ આવવાની સાથે જ લોકોનું શહેર તરફ ગમન વધ્યું છે. ગામડાઓમાંથી શહેર તરફ લોકોના સ્થળાંતરને પગલે શહેરોમાં વસતીમાં વધારો થયો છે. આ સિવાય ચીન અને ભારત જેવા દેશોની વસતી પણ સરેરાશ સતત વધતી આવી છે. તેમાંય ભારતમાં વસતીમાં મોટો વધારો જોવા મળ્યો છે. દેશોની વધતી વસતી મુદ્દે ભારતમાં યુવાનોની સંખ્યા વધુ છે અને તેના કારણે રોજગારી અને આવકના સ્રોત પણ વધારે શોધવામાં અને અમલમાં મુકવામાં આવી રહ્યા છે. આ કારણે યુવાનોનું શહેરોમાં માઈગ્રેશન થઈ રહ્યું છે અને વધુ સારા જીવન માટે તેઓ પ્રયાસ કરી રહ્યા છે. વર્લ્ડ ડેટા લેબ જણાવે છે કે, ૨૦૨૪માં ભારત અને ચીન સમગ્ર વિશ્વમાં સૌથી વધારે લોકો મિડલ ક્લાસમાં જોડનારા દેશ રહેવાના છે. અહીંયા વધી રહેલી વસતી, લોકોનું સુધરી રહેલું જીવનધોરણ, ગુણવત્તાસભર જીવન, આવકનો વધતો સ્રોત અને આવકનો વધતો દર તથા શહેરીકરણ જેવી બાબતો ચીન અને ભારતને મદદગાર સાબિત થઈ રહ્યા છે. આ જ દિશામાં એશિયામાંથી ઈન્ડોનેશિયા અને બાંગ્લાદેશ જેવા દેશો પણ જોડાવાના છે. આ બંને દેશો દ્વારા પણ અંદાજે ૫૦-૫૦ લાખ લોકોનો સમાવેશ મિડલ ક્લાસમાં થવાનો છે. અહીંયા પણ સરેરાશ યુવાન વસતી વધારે છે અને તેના કારણે લેબર ફોર્સમાં મોટી મદદ મળી રહી છે.

આ જ દિશામાં વિયેતનામ, ફિલિપ ાઈન્સ અને થાઈલેન્ડ પણ આવવના છે. આ દેશોમાં પણ મિડલ ક્લાસની વસતીમાં ઝડપથી વધારો થવાનો છે. આફ્રિકાની વાત કરીએ તો આ ક્ષેત્રમાં પણ ધીમે ધીમે વસતીમાં વધારો થઈ રહ્યો છે. તે ઉપરાંત જન્મદરનું પ્રમાણ સરેરાશ કરતા વધ્યું છે. અહીંયા યુવાનોની વસતી અને લેબર ફોર્સમાં વધારે થઈ રહ્યો છે. આફ્રિકામાંથી ૨૦૨૪માં ૧ કરોડ લોકો મિડલ ક્લાસમાં જોડાશે તેવી આશા રાખવામાં આવી છે. બીજી તરફ ગોલ્ડ મેન સાસ દ્વારા થોડા સમય પહેલાં એક અહેવાલ જારી કરવામાં આવ્યો હતો જેમાં એવી ધારણા વ્યક્ત કરાઈ હતી કે, ૨૦૭૫ સુધીમાં ઈજિપ્ત અને નાઈજિરિયાની ઈકોનોમી ખૂબ જ મજબૂત થઈ જશે. તેઓ દુનિયાના પાંચમા અને આઠમા અર્થતંત્ર બની જશે.

---

### દિલ્હીથી બોલાવાયા એક્સપર્ટ

# મશીનમાં ખરાબી આવતા ઉત્તરકાશીમાં મજૂરોના રેસ્ક્યૂમાં વિલંબની સંભાવના

**એમ્બ્યુલન્સ સ્ટાફ મેમ્બર હરીશ પ્રસાદે જણાવ્યું હતું કે, તમામ વ્યવસ્થા કરવામાં આવી છે, અમારી પાસે અહીં કુલ ૪૦ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે**

। નવી દિલ્હી, તા.૨૩ ।

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં તૂટી પડેલી સિલક્યારા ટનલની અંદર ફસાયેલા કામદારોના પરિવારજનોએ આશા વ્યક્ત કરી હતી કે તમામ ૪૧ કામદારોને બચાવવાના પ્રયાસો આજે પૂરા થઈ જશે. આશા છે કે તેઓ આજે બહાર આવશે. અમે અમારી દિવાળી, છઠ ત્યારે જ ઉજવીશું જ્યારે તેમને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવશે. સિલક્યારા ટનલમાં ફસાયેલા ૪૧ કામદારોને બચાવવા માટે એમ્બ્યુલન્સ તૈયાર રાખવામાં આવી છે અને તબીબોને સ્થળ પર બોલાવવામાં આવ્યા છે. ૧૫ ડોક્ટરોની ટીમ ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી છે. સ્થળ પર ૪૦ એમ્બ્યુલન્સ તૈયાર રાખવામાં આવી છે. ઓક્સિજન સિલિન્ડર, માસ્ક, સ્ટ્રેચરથી લઈને બીપી માપવાના સાધનો સુધીના તમામ તબીબી સહાય મશીનો સિલક્યારા ટનલ સાઈટ પર હાજર છે. NDRF બચાવ કાર્યકરો ગેસ માસ્ક અને સ્ટ્રેચર સાથે અંદર જઈ રહ્યા છે. પાઈપ કાટમાળને પાર કરતાની સાથે જ NDRFના જવાનો પહેલા પાઈપમાં પ્રવેશ કરશે અને કામદારો તરફ જશે. અહીં ૧૨ એમ્બ્યુલન્સને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે. એમ્બ્યુલન્સ સ્ટાફ મેમ્બર હરીશ પ્રસાદે જણાવ્યું હતું કે, "તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. અમારી પાસે અહીં ૪૦ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે. ઉત્તરકાશી ટનલમાં રાહત કાર્યનો આજે ૧૨મો દિવસ છે. હવે ડ્રિલિંગ માટે માત્ર ૬-૮ મીટર બાકી છે. પરંતુ ઓગર મશીનમાં કોઈ ખામી સર્જાતા તે બંધ થઈ ગયું છે. દિલ્હીથી ૭ નિષ્ણાતો હેલિકોપ્ટર દ્વારા ઉત્તરકાશી પહોંચી રહ્યા છે. ઓગર મશીનમાં ખામી દૂર કરવા માટે હેલિકોપ્ટર દ્વારા બીજું મશીન લાવવામાં આવ્યું છે. રેસ્ક્યુ ઓપરેશન ટીમના સભ્ય ગિરીશ સિંહ રાવતે જણાવ્યું હતું કે બચાવ કામગીરી તેના અંતિમ તબક્કામાં છે. આગામી એકથી બે કલાકમાં કામદારોને બહાર કાઢવામાં આવશે. તેમણે કહ્યું કે કામદારોને બહાર કાઢવા માટે પાઈપલાઈન નાખવામાં આવી રહી છે. ઉત્તરકાશી ટનલમાં ચાલી રહેલા રેસ્ક્યૂ ટીમના સભ્ય હરપાલ સિંહે દાવો કર્યો હતો કે



ટનલની અંદર ફસાયેલા કામદારો ગુરુવારે (૨૩ નવેમ્બર) સવારે ૮ વાગ્યા સુધીમાં બહાર આવી શકે છે. તેમણે કહ્યું કે સવારે આઠ વાગ્યા સુધીમાં સમગ્ર કામગીરી પૂર્ણ થઈ જશે. દરેક લોકો અંદર ફસાયેલા કામદારો માટે પ્રાર્થના કરી રહ્યા છે. મોડી રાત્રે હરપાલ સિંહે કહ્યું કે તે ટનલમાંથી હમણાં જ બહાર આવ્યા છે. તેમણે કહ્યું કે તેઓ અહીં ચાલી રહેલા રેસ્ક્યૂ ઓપ રેશનના ભાગ છે. હરપાલ સિંહે કહ્યું હતું કે , "હું હમણાં જ ટનલની અંદરથી આવ્યો છું. હું ઝોજિલા ટનલના નિર્માણમાં કામ કરી રહ્યો છું અને અહીં રેસ્ક્યૂ ઓપરેશનનો ભાગ છું. થોડા સમય પહેલા ડ્રિલિંગ દરમિયાન ચાર લોખંડના સળિયા ટનલની અંદર આવી ગયા હતા. જેના કારણે ડ્રિલિંગનું કામ બંધ કરી દેવામાં આવ્યું હતું. એનડીઆરએફની ટીમ ગેસ કટર મશીન દ્વારા સળિયાને કાપવાનો પ્રયાસ કરી રહી છે. મને આશા છે કે આગામી દોઢથી બે કલાકમાં એનડીઆરએફની ટીમ ગેસ કટર મશીન દ્વારા સળિયાને કાપશે. ત્યાર બાદ આશરે ૧૨ મીટરની બે પાઈપલાઈન ડ્રિલ કરવાની પ્રક્રિયા શરૂ થશે. મને આશા છે કે સવારે ૮:૩૦ વાગ્યા સુધીમાં કામદારોને બચાવવાની કામગીરી શરૂ થઈ જશે. સિલક્યારા ટનલમાં ફસાયેલા ૪૧ કામદારોને બચાવવા માટે એમ્બ્યુલન્સ તૈયાર રાખવામાં આવી છે અને તબીબોને સ્થળ પર બોલાવવામાં આવ્યા છે. ૧૫ ડોક્ટરોની ટીમ ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી છે. સ્થળ પર ૧૨ એમ્બ્યુલન્સ તૈયાર રાખવામાં આવી છે. ઉત્તરકાશી જિલ્લામાં ચારધામ યાત્રા રૂટ પર નિર્માણાધીન સિલક્યારા ટનલનો એક ભાગ ૧૨ નવેમ્બરે તૂટી પડ્યો હતો, જેના કારણે કાટમાળની બીજી તરફ કામદારો ફસાયા હતા.

---

### દિવાળી પહેલા વરસાદથી પણ પ્રદૂષણમાંથી રાહત

# સીપીસીબી અનુસાર, દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તાનું સ્તર ૪૦૦થી ઉપર રહ્યું

**આગામી કેટલાક દિવસોમાં દિલ્હી-એનસીઆરના હવાની ગુણવત્તામાં ફેરફાર થવાની સંભાવના : હવામાન વિભાગ**

। નવી દિલ્હી, તા.૨૩ ।

છેલ્લા ઘણા મહિનાઓથી દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણને કારણે સ્થિતિ ખરાબથી ખરાબ થઈ રહી છે. દિવાળી પહેલા ઝરમર વરસાદથી પણ પ્રદૂષણમાંથી રાહત મળી હતી, પરંતુ ૧૩ નવેમ્બર પછી દિલ્હી સહિત એનસીઆર વિસ્તારોમાં હવાની ગુણવત્તા ખરાબ રીતે બગડવા લાગી હતી. હાલમાં દિલ્હીની હવા ખરાબ શ્રેણીમાં આવી ગઈ છે. આ દિવસોમાં દિલ્હીની હવાની ગણતરી દેશના સૌથી પ્રદૂષિત વિસ્તારોમાં થઈ રહી છે.



જો આપણે એનસીઆર વિસ્તારોની વાત કરીએ તો અહીં પણ સ્થિતિ સારી નથી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) અનુસાર, ગુરુવારે સવારે ૫ વાગ્યા સુધી દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તાનું સ્તર ૪૦૦થી ઉપર રહ્યું હતું. આનંદ વિહારમાં એક્યુઆઈ ૩૮૭, આરકે પુરમમાં ૪૧૬, પંજાબી બાગમાં ૪૨૩ અને આઈટીઓમાં ૩૪૪ હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી કેટલાક દિવસોમાં દિલ્હી-એનસીઆરના હવામાનમાં ફેરફાર થવાની સંભાવના છે. સીપીસીબી દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટ અનુસાર, દિલ્હીની હવા હાલના દિવસોમાં દેશમાં સૌથી વધુ પ્રદૂષિત માનવામાં આવે છે. બુધવારે દિલ્હીમાં હવાની ગુણવત્તાનો સૂચકાંક ૨૨૦ હતો.

---

### ભારતના પડોશમાં ફરી એકવાર ધરતી ધ્રૂજી ઉઠી

# નેપાળમાં રાત્રે ભૂકંપના આંચકા અનુભવાતા લોકો ગભરાઈ ગયા

**નેપાળ સાયન્સ સેન્ટરે જણાવ્યું હતું કે, નેપાળમાં રાત્રે લગભગ ૧.૨૦ વાગ્યે ભૂકંપ આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ હતી**

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતના પડોશમાં ફરી એકવાર ધરતી ધ્રૂજી ઉઠી છે. નેપાળમાં રાત્રે ભૂકંપના આંચકા અનુભવાતા લોકો ગભરાઈ ગયા હતા. નેપાળ સાયન્સ સેન્ટરે જણાવ્યું હતું કે નેપાળમાં લગભગ ૧.૨૦ વાગ્યે (ગુરુવારની શરૂઆતમાં) ભૂકંપ આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ હતી અને તેનું કેન્દ્રબિંદુ મકવાનપુર જિલ્લાના ચિતલંગમાં હતું. હાલમાં આ ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. પરંતુ રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા



બાદ લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. તમને જણાવી દઈએ કે ૩ નવેમ્બરના રોજ નેપાળના જાજરકોટમાં ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૫૩ લોકોના મોત થયા હતા અને હજારો લોકો બેઘર થઈ ગયા હતા. નેપાળનો આ વિસ્તાર ભૂકંપ થી ખરાબ રીતે પ્રભાવિત થયો છે અને લોકો તંબુઓમાં રહેવા મજબૂર છે. જેના કારણે લોકો હવે ઠંડીનો શિકાર બની રહ્યા છે. તાજેતરમાં તંબુઓમાં રહેતા પાંચ લોકો ઠંડીના કારણે મૃત્યુ પામ્યા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, જાજરકોટમાં ૩૪,૦૦૦ થી વધુ પરિવારો તંબુઓમાં રહે છે કારણ કે તેમના ઘરો ભૂકંપથી સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે. આ પહેલા ૧૭ નવેમ્બરે મ્યાનમારમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

---

### પોતાની જ સ્થાપેલી કંપનીમાંથી હાંકી કઢાયા હતા

# ઓપનએઆઇના સીઇઓ તરીકે સામ ઓલ્ટમેનની ફરીથી વરણી

**ટેક ઉદ્યોગના એક હાઇવોલ્ટેજ ડ્રામાનો અંત, સામ ઓલ્ટમેનની ફરી સીઇઓ પદે વરણી કરનારા નવા બોર્ડના અધ્યક્ષ બ્રેટ ટેલર છે**

। સાન ફ્રાન્સિસ્કો, તા.૨૩ ।

યુએસમાં સાન ફ્રાન્સિસ્કોમાં જેમને પાંચ દિવસ અગાઉ તેમની જ સ્થાપેલી કંપનીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા તે ચેટ જીપીટીની સર્જક ઓપનએઆઈ કંપનીના સીઈઓ તરીકે સામ ઓલ્ટમેનની નવા બોર્ડ સાથે ફરી વરણી કરવામાં આવી હોવાની કંપનીએ મંગળવારે મોડી રાતે જાહેરાત કરતાં ટેક ઉદ્યોગના એક હાઈવોલ્ટેજ ડ્રામાનો અંત આવ્યો હતો. સામ ઓલ્ટમેનની ફરી સીઈઓ પદે વરણી કરનારા નવા બોર્ડના અધ્યક્ષ બ્રેટ ટેલર છે અને તેમની સાથે નવા જોડાનારા સભ્યોમાં લેરી સમર્સ અને એડમ ડિએન્જેલોનો સમાવેશ થાય



છે. લેરી સમર્સ ભૂતપૂર્વ ટ્રેઝરી સેક્રેટરી છે જ્યારે એડમ ડિએન્જેલો ક્વોરાના સીઈઓ છે. જ્યારે ટેલર ટ્વિટરના બોર્ડના અધ્યક્ષપદે રહી ચૂક્યા છે. ઓપન એઆઈના અગાઉના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે કોઈ ચોક્કસ કારણ આપ્યા વિના જ શુક્રવારે સામ ઓલ્ટમેનને સીઈઓ પદેથી હાંકી કાઢ્યા હતા. એક વર્ષ અગાઉ ચેટ જીપીટીનું આગમન થયું તે સાથે જનરેટિવ એઆઈના પોસ્ટર બોય બની ગયેલા સામ ઓલ્ટમેન અને કંપનીના બોર્ડ વચ્ચે એઆઈ દ્વારા ઉભાં થનારાં સંભવિત જોખમો બાબતે ગંભીર મતભેદો સર્જાયા હતા. દરમ્યાન ઓપન એઆઈમાં કરોડો ડોલર્સનું મૂડીરોકાણ કરનાર માઈક્રોસોફ્ટે ઝડપથી પગલું ભરી સામ ઓલ્ટમેનને અને તેની સાથે રાજીનામું આપી દેનાર ગ્રેગ બ્રોકમેનને નોકરીએ રાખી લેવાની સોમવારે જાહેરાત કરી નાંખી હતી. જેના પગલે આ સ્ટાર્ટ અપના તમામ ૭૭૦ કર્મચારીઓએ સામૂહિક હિજરતની ધમકી આપી બોર્ડના રાજીનામાંની અને સામ ઓલ્ટમેનને પરત લાવવાની માગણી કરી હતી.

---

### બાઈડેનની એક જ ચાલથી ચીનની બાજી બગડી

# ચીનની મુસ્લિમ દેશોમાં પગ પેસરાની તક હાથમાંથી સરકી

**ચીનનો પશ્ચિમ એશિયામાં એટલો પગ પેસારો થઇ ગયો હતો કે સઉદી અરબસ્તાનમાં બાળકો ચીની મેન્ડેરિન ભાષા શીખવા લાગ્યાં**

। નવી દિલ્હી, તા.૨૩ ।

ચીનનો પશ્ચિમ એશિયામાં એક સમયે એટલો પગ પેસારો થઈ ગયો હતો કે સઉદી અરબસ્તાનમાં બાળકો ચીની મેન્ડેરિન ભાષા શીખવા લાગ્યાં હતાં. મેન્ડેરિન સ્કુલોમાં ભણાવવાનો આદેશ તેના કાઉન પ્રિન્સ મહમ્મદ બિન સલમાને જ આપ્યો હતો તે પાછળનું મુખ્ય કારણ ચીનને ખુશ કરવાનું હતું. ચીને તેમના દેશમાં ૫.૫ બિલિયન ડૉલરનું રોકાણ કર્યું છે. ઉપરાંત સઉદી અરબસ્તાનમાંથી વધુમાં વધુ તેલ આયાત કરનારો



દેશ પણ ચીન છે. તેથી સઉદી અર્થતંત્ર ઉપર તેની ઘણી મોટી અસર પણ છે. આ સાથે ચીને સઉદી અરબસ્તાનમાં હજી પણ વધુ મૂડી રોકાણ કરવાની ઈચ્છા દર્શાવી છે. ૨૦૨૨ના પહેલા છ મહીનામાં જ બેલ્ટ એન્ડ રોડ ઈનિશ્યેટિવ દ્વારા સઉદી અરબસ્તાનમાં ૫.૫ બિલિયન ડોલરનું રોકાણ કરવા માટે મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેડીંગ પર બંને દેશોએ હસ્તાક્ષરો પણ કર્યા હતા. જે કોઈ પણ બીજા દેશ કરતાં વધુ છે. બીજી તરફ હમાસ ઈઝરાયલ યુદ્ધમાં શરૂઆતમાં અમેરિકાએ ઈઝરાયલને સંપૂર્ણ ટેકો જાહેર કરતાં સઉદી અરબસ્તાન સહિત મુસ્લીમ દેશોમાં અમેરિકા વિરોધી મોજુ ઊભું થતાં તેનો લાભ લઈ ચીન મુસ્લીમ દેશોમાં વધુને વધુ પગ પેસારો કરવા આતુર થયું હતું. પરંતુ અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંક્કેને બબ્બે વખત મધ્ય પૂર્વની મુલાકાત લઈ પરિસ્થિતિ સંભાળવા પ્રયત્નો કર્યા હતા.

## તંત્રી લેખ...

# પરાળની પળોજણ

રાજધાની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણની સમસ્યાને જોતાં સુપ્રીમ કોર્ટની સક્રિયતા પ્રશંસનીય છે અને કેટલીક રાજ્ય સરકારોની ઉદાસીનતાને જોતાં તે અનિવાર્ય પણ બની ગઈ છે. ખાસ કરીને પંજાબમાં પરાળ બાળવાની ઘટનાઓ અને તેના દુષ્પ્રભાવો પર લાંબા વિમર્શ અને ચેતવણીઓની ખાસ અસર ન થતાં સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારનો ઉધડો લીધો અને હરિયાણાની પ્રશંસા કરી. શીર્ષ અદાલતે પંજાબ સરકારને પૂછ્યું કે જે લોકો પરાળ બાળવાનું બંધ નથી કરતા, તેમના પર વધારાનો દંડ કેમ નથી કરાતો અને તેમને ટેકાના ભાવના લાભથી વંચિત રાખવાનો વિકલ્પ કેમ અપનાવાતો નથી? અદાલતે નાના અને ગરીબ ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ દાખવતાં રાજ્ય સરકારને સાફ-સાફ કહ્યું કે તેમને આર્થિક મદદ પહોંચાડવી રાજ્યનું કામ છે. દેખીતું છે, પંજાબ સરકાર અત્યાર સુધી આ મામલે ખેડૂતોને ભરોસામાં નથી લઈ શકી, જેનું નુકસાન રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના લોકોએ ભોગવવું પડ્યું છે. સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારની ઝાટકણી કાઢવાની સાથે જ કહ્યું કે પંજાબે હરિયાણા પાસેથી શીખવું જોઈએ, જેણે ખેડૂતોને આર્થિક પ્રોત્સાહન આપીને એક મોટી હદ સુધી પરાળ બળતું રોકવામાં સફળતા હાંસલ કરી. ખેડૂતોને પરાળ બાળવાથી રોકવા તો પડશે, પરંતુ એની સાથે જ એ સમજવું પણ જરૂરી છે કે ખેડૂતોએ મજબૂરીમાં પાકના અવશેષ બાળવા પડે છે. તેમણે નવા પાક માટે પોતાનું ખેતર જલ્દી ખાલી કરવાનું હોય છે. સરકારો પરાળના નિકાલની કોઈ ઠોસ વ્યવસ્થા નથી કરી શકતી, તેથી ખેડૂતો સામે તેને બાળવા સિવાય આરો નથી રહેતો. એમ માનવામાં આવતું હોય કે પરાળ બાળનારા ખેડૂતોને દંડ કરીને સમસ્યાનું સમાધાન કરી શકાશે તો તે સંભવ નથી. આ સમસ્યાનું સમાધાન ત્યારે થશે, જ્યારે ખેડૂતોને એવા વિકલ્પ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેનાથી તે પરાળ બાળવા મજબૂર ન થાય. તેમને આર્થિક સહાયતા પ્રદાન કવરાની સાથે જ પરાળનો નિકાલ કરતાં મશીનો મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવે કે પછી તેમના ખેતરોમાંથી પરાળ હટાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. નિરાશાજનક છે કે લગભગ દસ વર્ષોથી એ કોશિશ થઈ રહી છે કે પંજાબ, હરિયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, રાજસ્થાન વગેરેમાં પરાળ બાળવાનો સિલસિલો અટકે, પરંતુ એવું નથી થઈ શક્યું. જો તેમાં કોઈ રાજ્ય સૌથી વધુ નિષ્ફળ હોય તો તે પંજાબ છે. સુપ્રીમ કોર્ટની સાથે સાથે કૃષિ વિશેષજ્ઞો પણ એક અરસાથી એ જરૂરિયાત વ્યક્ત કરી રહ્યા છે કે પંજાબમાં ધાન્યની ખેતીને હતોત્સાહિત કરવી જોઈએ, પરંતુ આ દિશામાં કોઈ ઠોસ પગલાં નથી ભરી શકાયાં અને તે પણ ત્યારે, જ્યારે આ રાજ્યમાં ભૂજળ સ્તર સતત ઘટતું જાય છે. સુપ્રીમ કોર્ટની એ ચિંતા પણ વાજબી છે કે જો ત્યાંની જમીનમાં ભેજની માત્રા ઓછી થતી ગઈ તો તેનાં પરિણામો ભયાનક આવશે. કોર્ટે પંજાબની સાથે અન્ય રાજ્ય સરકારોને સલાહ પણ આપી કે તે પોતપોતાના પ્રાંતના ખેડૂતોને પર્યાવરણ અને પાણીની સ્થાનિક ઉપલબ્ધતાને અનુરૂપ પાક ઉગાડવા પ્રેરિત કરે. કેન્દ્ર-રાજ્ય સરકારો અને રાજકીય પક્ષોએ એક એવી સંસ્કૃતિ વિકસિત કરવી પડશે, જેમાં નાગરિકોના સ્વાસ્થ્યની કિંમત પર રાજનીતિને કોઈ અવકાશ ન હોય. સારું છે કે સુપ્રીમ કોર્ટ દિલ્હી-એનસીઆરમાં વધતા વાયુ પ્રદૂષણની નોંધ લઈ રહી છે, પરંતુ એના પર પણ ધ્યાન આપવું પડશે કે ઉત્તર ભારતના એક મોટા હિસ્સામાં વાયુની ગુણવત્તાનું સ્તર એટલું ખરાબ છે કે તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એવું એટલા માટે, કારણ કે વાયુ પ્રદૂષણનાં અન્ય કારણોના નિવારણ પર ધ્યાન નથી આપવામાં આવતું.

# બડે અચ્છે લગતે હૈ, માં પ્રકૃતિના અંગોની પારદર્શકતાનું પ્રમાણ મળે છે અને આપણને એ માર્ગે દોરી પણ જાય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દિવાળી પછી દેવ દિવાળીનાં તહેવારો પણ પુરા થશે અને પછી મકરસંક્રાંતિ તેમજ હોળીના તહેવારની પ્રતીક્ષા જોતાં જોતાં સૌ પોતાના જીવન વ્યવહારમાં પરોવાઈ જશે. આમ પણ કહેવાય છે કે દિવાળી પછી હોળી, એટલે હૈયાહોળીનો સંદર્ભ આ કહેવતમાં છે. ખુશી અને ગમ એ સમયની રેતીની જેમ સરકતાં રહે છે, એનો બહુ સંતાપ ન કરવો. હેમંત ઋતુ પણ પોતાની ચમક બતાવી રહી છે, સૂર્યનો તાપ મધ્યાને પણ ગમે એવા દિવસોની શરૂઆત હવે થઈ ગઈ છે. પણ આપણી અકારણની વ્યસ્તતાને કારણે આપણે આવા પ્રકૃતિજન્ય ફેરફારને માણવાનો મોકો ચુકી જઈએ છીએ, એટલું તો નિખાલસતાથી કબૂલવું પડે, જોકે નિખાલસતાનું પ્રમાણ ઘટયું છે એ સૌથીમોટી હૈયાહોળી છે. પણ પારદર્શકતા ઓછી થાય, ત્યારે માનસ ભાવ કુભાવથી ભરાતું જાય છે. પરંતુ એક વાત તો નક્કી જ છે કે જે નિખાલસ અને નિર્દોષ હોય છે, એ સૌ કોઈને ગમે છે, અને એની સાથે જીવન વિતાવવા મળે તો જીવન આસાનીથી પસાર થતું હોય એવું પણ અનુભવાય. પ્રકૃતિ આપણે ત્યાં પારદર્શકતાનું પહેલું પ્રમાણ છે, અને એ આપણે ઘણીવાર ચિંતનમાં પણ લખ્યું છે, કે પ્રકૃતિના બધા જ ઘટકો સાધુ ચરિત્ર ધરાવે છે. તેઓ પોતાના ભોગ કે ઉપભોગ માટે કંઈ જ કરતા નથી, સર્વના હિત માટે જ પ્રકૃતિની ક્રિયા અને પ્રતિક્રિયા હોય છે.

માનવી પોતાના સુખ દુખની સમસ્યાઓથી સદા ઘેરાયેલો હોય છે, અને આવા કોઈ સાધુ ચરિત્રના સંપર્કમાં કે સાનિધ્યમાં આવે ત્યારે સહજપણે તેને સારુ લાગે, અને તેનું સાનિધ્ય કાયમ મળી રહે એવું તે ઈચ્છતો હોય છે, અને પોતાને એ સારા લાગે છે એવું જાહેર પણ કરે છે. તો આજે આપણે ચિંતનમાં તરાને કી તર્જ જીવન કા અર્ક માં આવા જ એક ગીતનો સંદર્ભ લઈ ચિંતન કરીશું. બડે અચ્છે લગતે હૈ યે ધરતી પ યે નદિયાપ યે રૈના ઔર તુમ ધીરે ધીરે.. હૌલે હૌલે.. ચુપકે સે અબ હોગા .. કહેતે હૈ યે પ્યાર જિસે હમ ના જાને કબ હોગા..? બડે અચ્છે લગતે હૈ .. યે મૌસમ.. યે બાતે.. યે ઉલ્જન..ઔર તુમ. કુછ જાના.. કુછ અન્જાનાસા.. મુજકો તો વો લાગે .. સારી રૈઈના સપના બન કર વો આંખોમે જાગે..!! બડે અચ્છે લગતે હૈ .. યે તારે.. નઝારે.. યે ચંદા.. ઔર તુમ. ૧૯૭૬માં બનેલી બાલિકા વધુ નામની ફિલ્મનું આ ગીત છે. ફિલ્મમાં સચિન અને રજની શર્મા મુખ્ય કિરદાર નિભાવે છે. સંગીત આર.ડી.બર્મન સાહેબનું, ગાયક અમિત કુમાર, અને શબ્દો છે આનંદ બક્ષી સાહેબના. આ ગીતના શબ્દોમાં નાયક-નાયિકા વચ્ચેના નિર્મળ સ્નેહની સંવેદનાઓને મધુર સ્વરમાં વહાવી છે, આ સંવેદનાઓને અનુરૂપ જલતરંગ, ઝાઈલોફોન, અને સિતાર-તબલા સહ હળવા સંગીતની સરગમ સાથે જ સુંદર શબ્દો અને સ્વરનું માધુર્ય કૈક અલૌકિક અનુભૂતિમાં તરબોળ કરી દે છે. જેનાં થોડા શબ્દો બદલીને સોની ચેનલ પર આવતી ટી.વી. સીરીયલ''બડે અચ્છે લગતે હૈ'' નું ટાઈટલ ગીત પણ બનાવેલ. જેને શ્રેયા ઘોષાલ એ ગાયું હતું.

જેમાં નાયક-નાયિકા પ્રૌઢાવસ્થા તરફ ગતિ કરી રહ્યા હોય છે, ત્યારે અચાનક જ એમના હૈયામાં ઉદભવી રહેલી સંવેદનાઓ આ ગીતનાં શબ્દોમાં વહેતી હોય એવું લાગે છે. આમ જુવો હૃદયને પવિત્ર કરનારી સંવેદનાઓને ઉંમર જોડે ક્યાં કંઈ લેવાદેવા હોય છે ? એ તો માનવીનાં હૈયામાં ઉદ્ભવતી જ રહેતી હોય છે. પરંતુ અહીં માત્ર દેહ આકર્ષણની વાત નથી, આ પ્રેમની ઊંચાઈ પણ બતાવે છે. કોઈપણ પ્રકારના પ્રેમમાં પવિત્રતા હોય તો એ પરમ સુધી પહોંચાડે છે. સ્પર્શ-સંવેદના એ ઘણીવાર ઔષધિનું પણ કાર્ય કરતી હોય છે, અને એટલે આપણે ત્યાં લગ્ન વખતે હસ્ત મિલનની પ્રથા પણ છે, કે જે જીવનભરની ઔષધી બની શકે છે. ઈશ્વરની જ સર્જેલી માનવ હૈયાની પવિત્ર અને નિઃસ્વાર્થ નિખાલસ કે નિર્મળ લાગણીઓનાં ક્યાં કોઈ લેખાંજોખાં હોય છે?

ઈશ્વરદત્ત જન્મ-મરણનાં અનેક ફેરામાંથી ક્યા જન્મનું કયું ઋણાનુબંધ કોઈના હૈયાને, કઈ ઘડીએ એકબીજા તરફ ખેંચે છે, એ કોઈને ક્યાં ખબર છે? પછી ભલે સામે બાળક, યુવાન, પ્રૌઢ કે વૃદ્ધ વ્યક્તિ હોય! ઋણાનુબંધને ઉંમરની કે જન્મોની અસર થતી નથી.એ તો ગયા કોઈ જન્મનું પણ હોઈ શકે, જે આવનારા કોઈ પણ જન્મમાં સહજ રીતે બંધાઈ જાય છે. એ એકદમ અલૌકિક અનોખું હોય છે, અને આવું જ અલૌકિક બંધન આ ગીતના શબ્દોમાં કવિ નિર્દેશ કરે છે, અને આપણને પંક્તિમાં અનુભવાય પણ છે. પરંતુ આપણે ગીતના શબ્દોને પકડવાના છે, અને સાધુતા અર્જીત કરવા આપણે જેને પસંદ કરીએ છીએ, અથવા તો જેનાં સાનિધ્યમાં જીવન પસાર કરવાની ઈચ્છા થાય છે, એવા કોઈ વ્યક્તિ વિશેષને આપણે ધરતી સાથે સરખાવીએ છીએ, નદી સાથે સરખાવીએ છીએ, ચાંદ સિતારા સાથે સરખાવીએ છીએ, કારણ કે આ બધા જ નિખાલસ છે, નિર્દોષ છે, સરળ છે, તેમનામાં સમર્પણનો ભાવ આપણને અનુભવાય છે, અને તેથી જે તે વ્યક્તિનાં મનમાં કોઈ મેલ ન હોય તેની સાથે જીવવું કોને ના ગમે! અથવા તો બહુ ગમે, કે પછી તે બડે અચ્છે લગતે હૈ!! એ સંદર્ભમાં અહીં રજૂ કરવામાં આવ્યું છે. જે નિખાલસ છે, જે નિર્દોષ છે, જે સરળ છે, એ તો છે જ, પરંતુ તેના સાનિધ્યમાં રહેવાનું એક કારણ એ પણ છે કે, આપણામાં પણ એ નિખાલસતા અને નિર્દોષતા આપણે તેના સંગથી લાવી શકીએ, તો જીવન વધુ સરળ અને સમૃદ્ધ બને. નિખાલસ બનાવા માટે સૌપ્રથમ જીવન પારદર્શક હોવું જોઈએ, એટલે કે પોતે જે કંઈ છે તે કબુલી લેવું જોઈએ. પારદર્શક માટે આપણે ત્યાં પાણીની ઉપમા આપવામાં આવે છે, અને સાથોસાથ પાણી સરળ પણ છે, એટલે કે ગમે તેટલા અવરોધો આવે છતાં પાણી પોતાના વહેવાનું કાર્ય છોડતું નથી. આમ પણ આપણાથી કંઈ ભૂલ ચૂક થઈ હોય તો તેની કબૂલાત કરવી કે, તેનો એકરાર કરવાથી મનનો ભાર ઓછો થઈ જતો હોય છે, અને વારંવાર એ ભૂલ છુપાવવા માટે અસત્ય પણ બોલવું પડતું નથી. પારદર્શક બનાવવા માટેની આ પ્રથમ પરીક્ષા છે, કે જે કંઈ કર્યું હોય તેની કબૂલાત કરી લેવી, ઈશ્વર સનમુખ કે પછી ગમે તે, કે જેને આપણે પૂજ્ય માન્યા હોય તેની આગળ આપણા કર્મોની કબૂલાત કે જીવનમાં ગુપ્ત પાનાઓ ખુલ્લા કરી દેવાથી જીવનના ઘણા ભાર ઓછા થઈ જતા હોય છે, અને પછી આપોઆપ જીવન પાણીની જેમ સરળતાથી વહેવાનું કાર્ય કરે છે.

જીવન છે એટલે ક્યારેક હર્ષનો મુકામ આવે, અને ક્યારેક શોકનો મુકામ આવે, પરંતુ એ ઘાટ પર રોકાઈ જવાનું નથી, એ ખાસ યાદ રાખવું. બંધિયાર પાણી હંમેશા ક્યારે ને ક્યારેક દુર્ગંધા મારે છે, એમ જીવન ક્યાંય રોકાઈ જાય તો પછી તે માણવા લાયક રહેતું નથી. આપણે સૌ સંસારી છીએ અને જીવનના આવા કેટલાય મુકામો માંથી રોજ પસાર થવું પડતું હોય છે. પરંતુ જ્યારે મનમાં બડે અચ્છે લગતે હૈ ની ભાવના કોઈના સાંનિધ્યમાં રહેવાથી સળવળતી હોય તો, એનાં સાનિધ્યમાં જ જીવન પસાર થાય તેવો નિર્ણય કરી લેવો જોઈએ, અને આપણામાં પણ એ નિખાલસતા એ નિર્દોષતા સરળતા એ પારદર્શકતા આવે એવા પ્રયત્ન કરવા જોઈએ. ભારતીય સમાજમાં આજકાલ દંભ દેખાડાનું પ્રમાણ વધી રહ્યું છે, એટલે નિખાલસતા ઘટતી જાય છે, ત્યારે સમાજનું બગડેલું આ ચિત્ર સુધારવા આપણે સૌ નિખાલસ બનીએ, જીવનમાં બને તેટલી સરળતાથી સમય સંજોગ સમસ્યાનો સ્વીકાર કરીએ, અને બને તેટલા સહજ રહી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

## રાજનીતિ એક સેવાધર્મી ઉપક્રમ, દીર્ઘકાલીન નિયોજન

ચૂંટણી લોકતંત્રનો પવિત્ર મહોત્સવ કહેવાય છે, જેમાં જનભાગીદારીની ખાસ ભૂમિકા હોય છે. ક્યારેક રાજકીય પ્રક્રિયા જનાધાર પર ટકેલી રહેતી હતી અને જનતાને પોતાની ઈચ્છા અને અનિચ્છાને આધાર બનાવીને જનપ્રતિનિધિઓની લોકના સ્થાનિક સ્તર પર પસંદગીનો અવસર મળતો હતો. સાથે જ સ્થાનિક નેતૃત્વનો દેશના ઉચ્ચ સ્તર પર સક્રિય નેતાઓ સાથે નિરંતર સંવાદ ચાલતો રહેતો હતો. આ સંવાદ પારસ્પરિક અને બેતરફી રહેતો. બંને એકબીજાનું સન્માન કરતા હતા. ધીમે ધીમે તેના માળખામાં બદલાવ શરૂ થયો અને સ્થાનિકની ભૂમિકા હાંશિયા પર જવા લાગી. કેન્દ્ર કે હાઈકમાન્ડ નિયામક અને નિર્દેશકની ભૂમિકા સાથે સ્થાનિક સ્તર પર વિચાર અને યોજનાઓ સાથે જ નેતાઓની પસંદગીમાં પણ વધુ પડતા સક્રિય થવા લાગ્યા. જનશક્તિ કેન્દ્રાભિમુખ થતી ગઈ અને કેન્દ્રના દાયિત્વોનું સંયોજન નવી પદ્ઘતિથી થવા લાગ્યું. આ બદલાવનાં જટિલ પરિણામ સામે આવવા લાગ્યાં અને સત્તા-શક્તિના સંતુલનની નવી ચાલ-ઢાલ દેખાવા લાગી. નેતાઓની અંગત અને સ્થાનિક ભૂમિકાઓ અને કાર્યકુશળતાને મહત્ત્વ આપવાને બદલે કેન્દ્રીય નેતૃત્વની છબિનો લાભ લેવાની શૈલી અપનાવવા લાગી. કેન્દ્ર પર નિર્ભરતાની નવી રાજકીય ધારો શક્તિના વિતરણની વ્યવસ્થાને વિશ્રૃંખલિત કરી દીધી છે. તેનું પરિણામ ચૂંટણીઓમાં સ્પષ્ટ રૂપે દેખાવા લાગ્યું છે. આ પ્રકારની હલચલ વચ્ચે સંચાર માધ્યમો, વિશેષ કરીને ટીવી અને મોબાઈલ આધારિત મીડિયા પ્લેટફોર્મ મોરચો સંભાળી રહ્યા છે. કેટલીય વાર બેજવાબદાર રીતે અને અધકચરી રીતે એલફેલ વાતચીત દ્વારા દુષ્પ્રચારના પ્રસંગો સામાન્ય થઈ પડ્યા છે. એકબીજાનું ચરિત્ર હનન સામાન્ય વાત થવા લાગી છે. ભાષાના સ્તર પર સંયમ અને પ્રમાણિત તથ્યોની જગ્યો દ્વેષ અને નિરાધાર દાવા સામાન્ય થઈ ગયા છે. હવે ચૂટણી રણનીતિના રાજકીય તેવર આકાર બદલી રહ્યા છે અને તેની સંસ્કૃતિનો સંપૂર્ણ રીતે કાયાકલ્પ થઈ રહ્યો છે. ચૂંટણીના થોડા દિવસ પહેલાં ગરમાગરમી વધી જાય છે અને અંતિમ કેટલાક દિવસોમાં હાઈકમાન્ડ પોતાના ઉમેદવારનું એલાન કરે છે. કેટલીય વાર સ્થાનિક સ્તર પર સક્રિયતાની અવગણના કરીને કેટલાક અન્ય કારણોથી નવા ઉમેદવારો અજમાવવામાં આવે છે. મજબૂરીમાં જ પાંચ વર્ષ સુધી કે તેનાથી પણ વધુ સમયથી ભૂલાવી દેવાયેલી જનતાની નોંધ લેવામાં આવે છે. ચૂંટણી આવતાં જ તમામ રાજકીય પક્ષો જાદુનો પટારો ખોલે છે અને તેમની સૂતેલી જનસંવેદનાને જગાડે છે. ઘવાયેલી જનતાને રાહત આપવા માટે કમર કસતાં તમામ રાજકીય પક્ષો સુવિધાઓની લાંબી યાદી તૈયાર કરવામાં લાગી પડે છે. બસની મફત યાત્રા, સ્કૂલ, હોસ્પિટલ, નોકરી, દેવાં અને ખેરાતમાં રૂપિયા એટલે કે જીવવા માટે જે પણ જોઈએ એ યાદીમાં સામેલ કરવામાં આવે છે. ચૂંટણી રાજ્યોમાં પોલીસ દ્વારા કરોડો રૂપિયાની જપ્તી અને દારૂની આવાજાહી સામાન્ય વાત થઈ ગઈ છે. જેનું કોઈ દાવેદાર નથી મળતું. આ બધું એટલા માટે થઈ રહ્યું છે, જેથી જનતાને વધુને વધુ માત્રામાં લલચાવી શકાય. હવે ધનબળ દ્વારા વોટ ખરીદવાની કોશિશ થવા લાગી છે.

# છત્રીસ કિલોમીટરની ગિરનારની પરિક્રમા અને ધાર્મિક મહત્વ, ભજન ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ એટલે ગઢ ગિરનારની પરિક્રમા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા




ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે, મરતાં રા'ખેંગાર રંડાલો રાણક દેવડી.સોરઠ દેશ ન સંચર્યો, ન ચડયો ગઢ ગિરનાર; ન નાહ્યો દામો-રેવતી, અફળ ગયો અવતાર. સોરઠ શુરોન સરજિયો, ન ચડયો ગઢ ગિરનાર; અવતાર. ન નાહ્યો ગંગા-ગોમતી, એનો એળે ગયો. ગિરનાર પર્વતમાં પાંચ ઉંચા શિખરો આવેલા છે. જેમાં ગોરખ શિખર ૩૦૦, અંબાજી ૩૩૦૦, ગૌમુખી શિખર ૩૧૨૦, જેમ મંદિર શિખર ૩૩૦૦ અને માળી પરમ ૧૮૦૦ ફુટની ઉંચાઈઓ ધરાવે છે. જેથી ગિરનાર પર્વત ગુજરાતનો પણ ઉંચામાં ઉંચો પર્વત છે. ગિરનારના પાંચ પર્વતો પર કુલ થઈને ૮૯૯ મંદિરો આવેલા છે. પત્થરોનાં બનાવેલ દાદરા અને રસ્તો એક ટોચ પરથી બીજી ટોચ પર લઈ જાય છે. એવુ કહેવાય છે કે કુલ ૯,૯૯૯ પગથિયા છે, પણ ખરેખર કદાચ ૮,૦૦૦ પગથિયા છે. દર વર્ષે ગિરનારની પરિક્રમ થાય છે જેમાં બાખો લોકો જોડાઈ છે. દર વર્ષે ગિરનાર ચડવાની હરિફાઈ પણ ગોઠવાય છે. હિંદુ ધર્મમાં શ્રદ્ધાળુઓ માને છે કે ઉઘાડાપગે ગિરનારનાં પગથીયા ચઢવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. ગિરનાર ગુજરાતનાં ધાર્મિક સ્થળો માંનો એક છે.જેનું અંતર અમદા વાદથી ત્રણસો સત્યાવીસ કી.મી. થાય છે. પ્રાચીન અને અર્વાચીન, બન્ને રીતે આ પવિત્ર સ્થળ ગિરનાર છે. જે હિંદુ ધર્મ અને જૈન ધર્મનાં લોકો માટે મહત્વનું યાત્રા ધામ છે. અહીં ઘણા બધા મંદિરો આવેલા છે.સુંદર હરીયાળી અને ગિરિ માળાઓ સરસ મજાનું ધાર્મિક વાતાવરણ રચે છે. આ બધા સાથે અહીં મુસ્લિમ ધર્મ સ્થાનકો પણ આવેલાં છે જેથી તે મુસલમાન યાત્રાળુઓને પણ અહીં આકર્ષે છે. આમ ગિરનાર દેશની અનેકતામાં એકતાનું સચોટ ઉદાહરણ પુરૂ પાડે છે. જુનાગઢ ગિરનાર ક્ષેત્રમાં યોજાતી લીલી પરિક્રમાનું ધાર્મિક મહત્વ ઘણું માનવામાં આવે છે.વહેલી સવારે પાંચ કલાકે ઈટવા ઘોડી ગેટ ખોલીને લોકોએ પરિકમા શરૂ કરી છે. સામાન્ય રીતે ગિરનારની લીલી પરિક્રમા ગઈકાલે કારતક સુદ અગિયારસથી શરૂ થઈ છે. પરિક્રમા માટે શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ ચાલુ જ છે. ગિરનારની પરિક્રમ દરમિયાન નિઃશુલ્ક અન્ન ક્ષેત્ર સાથે ઈમર્જ ન્સીમાં એમ્બ્યુલન્સની પણ સુવિધા મળે છે. દામોદર કુંડમાં સ્નાન કરીને થાય છે પરિક્રમાનો પ્રારંભ કારતક સુદ અગિયારસથી થાય છે જે પૂનમ સુધી ચાલે છે.

જેમાં એકાદશીના દિવસે દામોદર કુંડમાં સ્નાન કરી,દામોદરજીના દર્શનકરી ભવનાથ મહાદેવ દૂધેશ્વર મહાદેવના દર્શન કરી, ગિરનાર તળેટીમાં રાત્રિ પસાર કરે છે. અગિયારસની રાત્રીએ લીલી પરિક્રમાનો વિધિવત આરંભ થાય છે. બારસના દિવસે ભવનાથ તળેટીના દુધેશ્વરની જગ્યા રૂપા યતન ગેટ પાસેથી પરિક્રમાનો પ્રારંભ થાય છે.ભાવિકો ઉત્તર દિશામાં પહાડો વટાવતાં અંદાજે સાડા ત્રણ માઈલ દૂર હસનાપુર કે જીણાબાવાની મઢીએ રાત્રીરોકાણ કરે છે. પૂનમથી ભાવિકો ભવનાથ ની તળેટીમાં પરત ફરે છે જે પછી કારતકસુદ તેરસના દિવસે આગળ વધીને માળવેલા કે જયાં સૂરજકુંડ ની જગ્યા છે,તેવા ગિરનારના ઉત્તર કિનારે પડાવ નાખીને ભાવિકો રાત્રી વિશ્રામ કરે છે. ચૌદશના દિવસે માળવેલાથી ઉપડી ગિરનારની પૂર્વમાં થઈ દક્ષિણ બાજુ બોરદેવીમાં પડાવ નાખવાનો હોય છે. અહીં બોરડી નીચે માતાજી બિરાજમાન છે, જ્યાં બારેમાસ પાણી રહે છે. આ જગ્યા કુદરતી સૌંદર્યથી ભરપૂર હોવાને કારણે, ભાવિકો અહીં પ્રકૃતિનો મન ભરીને આનંદ માણે છે. પૂનમના દિવસે સવારે બોરદેવી થી નીકળીને ભાવિકો ભવનાથ તળેટીમાં પરત ફરે છે. ઉતારા મંડળો દ્વારા ભોજનની વ્યવસ્થા આમ ગિરનાર પર્વત ફરતે કુલ છત્રીસ કિલોમીટરનું અંતર કાપીને ભાવિકો ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ કરે છે. પરિક્રમાના રસ્તે અનેક ઉતારા મંડળો દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. જ્યારે કેટલાક ભાવિકો ઘરેથી જ કાચી સામગ્રી લઈને આવે છે અને જંગલમાં ભોજન બનાવી,વન ભોજનનો આનંદ માણે છે. ગિરનારની લીલીપરિક્રમા વિશ્વભર માં કેમ કરે છે તે વિશે આશરે ચોવીસ હજાર વર્ષો પહેલાં એક વાર્તા છે. લગભગ ત્રીસ હજાર વર્ષ પહેલાં પૃથ્વીની ગતિ પ્રતિ કલાક પચ્ચીસ હજાર કિ.મી. હતી દક્ષિણ ભારતીય સાહિત્યમાં ઉલ્લેખ છે કે, તેમાં પવતને પાંખો હતી.બ્રહ્મા ભગવાન પૃથ્વીની યોજના કરતી વખતે તેઓએ પર્વતની પાંખો કાપી નાખી જેથી પવનની ગતિ પ્રતિ કલાક વીસથી એકસો કિ.મી. થઈ ગઈ. તે સમયે ગિરનારનો પર્વત દરિયામાં છુપાયેલો હતો. ગિરનાર હિમાલયનો પુત્ર છે તેથી તે માતા પાર્વતીના ભાઈ થાય. માતા પાર્વતી અને શિવનો લગ્ન સમારોહ વીસ હજાર વર્ષ પહેલાં હિમાલયમાં થયો હતો તેની બહેનનાં લગ્નમાં હિમાલય જવા માટે ગિરનાર દરિયાની બહાર નીકળ્યો અને સમુદ્રથી માત્ર પચાસ કિ.મી. દૂર જમીન પર સ્થિર થયો. ગિરનારને હિમાલય જવા માટે કોઈ શક્ય ન થયું. તેથી આગામી ત્રિપુરી પૂર્ણિમા પર માતા પાર્વતી ભગવાન શિવ સાથે ગિરનાર આવ્યા શિવ પાર્વતીના લગ્નમાં સર્વ ભગવાન ઋષિ મુનિ, નવગ્રહ અષ્ટ સિદ્ધિ નવનીધી પર વીર ચોસઠ દેવી અગિયાર જળદેવતા, નવનાગ, અષ્ટ વરુ, કુબેર ભંડારી તે બધા શિવ પાર્વતી સાથે ચાર દિવસ ગિરનારની પરિકમા કરી. તે સમય દરમિયાન બધા દેવતાઓ ગિરનારના જંગલમાં રહ્યા હતા. અને ત્યારથી આજે પણ કાર્તિક એકાદશીથી કાર્તિક પૂર્ણિમા સુધી તમામ દેવી-દેવતાઓ ગિરનાર પર્વતના જંગલના માર્ગમાં રોકાય છે. અને આ હેતુ માટે આજે પણ તે જ પરંપરા રીતે જ ગિરનારની લીલી પરિક્રમા કરવામાં આવે છે. અને લાખોની સંખ્યામાં લોકો પરિક્રમામાં આવે છે. જય ગિર નારી. દિવાળી પછી એટલે કે ગઈ કાલે કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી ગિરનાર પર્વતને ફરતે કરવામાં આવતી પ્રદક્ષિણાને ગિરનારની પરિક્રમા કહેવામાં આવે છે.ચોમાસા પછી હરિયાળીથી ભરેલ ગિરનાર પર્વત ફરતે કરવા માં આવતી આ પરિક્રમાને દેશી ભાષામાં લીલી પરકમ્મા પણ કહેવામાં આવે છે.વર્તમાન સમય માં શ્રદ્ધાળુઓ કારતક સુદ અગિયારસના રોજ ભવનાથ તળેટીએ રાત્રી રોકાણ કરી બીજા દિવસે સવારે દૂધેશ્વર મહાદેવની જગ્યા પાસેથી શરૂ થતાં પરિક્રમા ના રસ્તે ચાલી નીકળે છે. સૌ પ્રથમ જીણાબાવાની મઢી એ વિસામો લઈ સરકડીયા હનુમાન, સુરજકુંડ પાટનાથ થઈ માળવેલા રાત્રિ રોકાણ કરે છે. ત્રીજા દિવસે સવારે શ્રવણવડ, વાસંતીનાગ, હેમાજ ળીયા કુંડ થઈને બોરદેવી માતાજી ની જગ્યામાં રાત્રિ રોકાણ કરે છે. ચોથે દિવસે બોરદેવી થી દૂધવન ઢોળાવાળી ખોડીયાર પર્વતની થોડી ચઢીને ગિરનારની સીડી પાસે તળેટીમાં પરિક્રમા પૂર્ણ કરે છે. આજે કારતક સુદ બારસ લીલી પરિક્રમા કેટલા ભાગ્યશાળી શ્રધ્ધાળુ ભક્તોએ વહેલી ચાલુ કરી હશે તેઓ મુકામે પહોંચી થાક પણ ઉતારી લીધો હશે.વાચક ચાહક મિત્રો, જય માતાજી નૂતન વર્ષાભિનંદન આજે કારતક સુદ બારસ છે.આજે લીલી પરિક્રમાને બીજો દિવસ કેટલાક ભક્તોએ વહેલી પરિક્રમા શરૂ કરી હશે તેઓ પહોચ્યા હશે કે પહોંચવાની તૈયારીમાં હશે. હવે આવતા સોમવારે દેવદિવાળી ગુરૂનાનક જયંતીની શુભેચ્છા.

BOLLYWOOD NEWS FLASH

# બેડરૂમ સીન મળશે, અભદ્ર ટિપ્પણી પર ભડકી તૃષા



। મુંબઈ, તા.૨૩ ।

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની લોકપ્રિય અભિનેત્રી તૃષા કુષ્ણન આ દિવસોમાં ચર્ચામાં છે. વાસ્તવમાં, લિયોમાં નેગેટિવ રોલ પ્લે કરનાર મન્સૂર અલી ખાને પોતાની ફિલ્મની એક્ટ્રેસ તૃષા પર વિવાદીત નિવેદન આપ્યુ છે. જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તૃષાએ આ બાદ પોતાની પ્રતિક્રિયા આપી છે જે લોકોનું ધ્યાન ખેંચી રહી છે. મન્સૂર અલી ખાને તૃષા કૃષ્ણન વિશે વાંધાજનક ટિપ્પણી કરી છે. હવે અભિનેત્રીએ આ નિવેદનને લઈને એક પોસ્ટ શેર કરીને મન્સૂર અલી ખાન પર ગુસ્સો વ્યક્ત કર્યો છે. વીડિયો સામે આવ્યા બાદ અભિનેત્રીએ મૌન તોડ્યુ હતુ અભિનેત્રીએ આ અંગે કહ્યું હતું કે તે મન્સૂર અલી ખાન સાથે ક્યારેય કામ કરશે નહીં. જો કે, મન્સૂર અલી ખાને પણ ઈન્સ્ટાગ્રામ દ્વારા પોતાની ટિપ્પણી અંગે સ્પષ્ટતા આપી છે. જેના પર લોકો તેને સતત ટ્રોલ કરતા જોવા મળી રહ્યા છે. વાસ્તવમાં, મન્સૂર અલી ખાન મોટા પડદા પર તૃષા કૃષ્ણન સાથે રેપ સીન કરવા જઈ રહ્યો હતો, જોકે વીડિયોમાં તે ખૂબ જ અભદ્ર અંદાજમાં આ કહેતો જોવા મળી રહ્યો છે. તેણે કહ્યું કે તેણે ફિલ્મો માટે ઘણી અભિનેત્રીઓ સાથે બળાત્કારના દ્રશ્યો શૂટ કર્યા છે, આ પહેલીવાર નથી. જો કે અભિનેત્રીના આ નિવેદનનો જવાબ પણ સામે આવ્યો છે. જે બાદ સાઉથ ઈન્ડસ્ટ્રીમાં આ બાબતને લઈને હોબાળો મચી ગયો છે.

# મલાઇકા અરોરા લાલ ડ્રેસમાં સુપર હોટ લાગી, ઝલક દિખલા જા ૧૧માં જજ તરીકે મલાઇકા

। મુંબઈ, તા.૨૩ ।

બોલિવૂડ સ્ટાર મલાઈકા અરોરા આ દિવસોમાં ટીવીના ડાન્સિગ રિયાલિટી શો ઝલક દિખલા જા ૧૧માં જજ તરીકે નજરે પડી રહી છે. આ શોના લેટેસ્ટ એપિસોડના શૂટિંગમાં અદાકાર મલાઈકા અરોરા રેડ ડ્રેસમાં પહોંચી હતી. આ સમયે મલાઈકા સુપર હોટ જોવા મળી. મલાઈકાએ રેડ ડ્રેસમાં એકથી એક ચઢિયાતા પ ોઝ આપ્યા. મલાઈકાના આ ડ્રેસે દરેક લોકોનું ધ્યાન ખેંચી લીધુ હતુ. મલાઈકા લાલ કલરના જાળી દાર ડ્રેસમાં હોટ લાગી રહી હતી. સામે આવેલી આ તસવીરોમાં પૈપ રાજીની સામે મલાઈકા ડ્રેસ ફ્લોન્ટ કરતી જોવા મળી. મલાઈકા હાલમાં પોતાના આ લાલ જાળી દાર ડ્રેસને લઇને ટ્રોલ થઇ છે. અદાકારની આ તસવીરો જોઇને લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. એકે કોમેન્ટ કરી છે કે ‘બીચ સડક હી ફેશન શો કરને લગી.’ ફિલ્મ સ્ટાર મલાઈકા અરોરા આ દરમિયાન બિલકુલ એક મોડલની જેમ પોઝ આપતી જોવા મળી. મલાઈકાની આ તસવીરોએ ફેન્સનું ધ્યાન ખેંચી લીધુ. લાલ જાળી દાર ડ્રેસમાં મલાઈકા પોતાની હોટ અદાઓથી ફેન્સનું ધ્યાન ખેંચી લે છે, પરંતુ પછી મલાઈકાના આ ડ્રેસને લઈને લોકોએ ટ્રોલ પણ કરી છે. હિટ ટિવી ડાન્સિગ રિયાલિટી શોના શૂટિંગ દરમિયાન અદાકાર મલાઈકા એકદમ હુસ્નની પ રી બનીને નિકળી હતી. જો કે અનેક ફેન્સ મલાઈકાના વખાણ કરી રહ્યા છે તો અનેક લોકો મલાઈકાના આ કપડા પર ગુસ્સે થયા છે. અદાકાર મલાઈકાની આ તસવીરો હાલમાં ખૂબ વાયરલ થઇ રહી છે. સોશિયલ મિડીયામાં મલાઈકાની આ તસવીરો છવાઇ ગઇ છે. આમ, વાત કરવામાં આવે તો મલાઈકા કોઇને કોઇ રીતે હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. ઉલ્લેખનીય છે કે મલાઈકા હંમેશા પોતાના ડ્રેસિંગને લઇને લોકો માટે ચર્ચાનો મુદ્દો બનતી હોય છે.



# સારા ખાને બિકિની લૂકમાં શેર કરી હોટ તસવીરો



। મુંબઈ, તા.૨૩ ।

અભિનેત્રી સારા અલી ખાને વેકેશન એન્જોય કરતી વખતે પોતાનો બિકીની લુક શેર કર્યો છે, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાનની દિકરી અને અભિનેત્રી સારા અલી ખાન પરંપરાગત અને વેસ્ટર્ન દરેક આઉટફિટમાં સુંદર લાગે છે. હાલમાં જ તેણે વેકેશન એન્જોય કરતી વખતે તેનો બિકીની લુક શેર કર્યો હતો. સારા અલી ખાન સોશિયલ મીડિયા પર તેના એક્સપેરિમેન્ટલ લુક્સ શેર કરતી રહે છે. અભિનેત્રીએ બ્લુ કલરની બિકીની લુકની કેટલીક તસવીરો શેર કરી છે. તેની બિકીની તસવીરો ખૂબ વાયરલ થઈ રહી છે. આ તસવીરમાં એક્ટ્રેસ ખૂબ જ સુંદર લાગી રહી છે. તેની આ સ્ટાઈલ ખૂબ જ હોટ લુક આપી રહી છે. બ્લુ કલરમાં સારા અલી ખાનનો બિકીની લુક ખૂબ જ ગોર્જીયસ લાગી રહ્યો છે. અભિનેત્રી સાઈડમાં પોઝ આપતી જોવા મળી રહી છે. તમને જણાવી દઈએ કે સારા અલી ખાન સૈફ અને અમૃતા સિંહની દીકરી છે. સૈફે લગ્નના ૧૩ વર્ષ બાદ અમૃતાને છૂટાછેડા આપી દીધા હતા. જે બાદ તેણે અભિનેત્રી કરીના કપૂર સાથે લગ્ન કર્યા. અભિનેત્રી સારા અલી ખાન તેના પિતા અને અભિનેતા સૈફ અલી ખાનની ખૂબ જ નજીક છે. ક્યારેક સારા પણ કરીના સાથે જોવા મળે છે. સારા અલી ખાને વેકેશન એન્જોય કરતી વખતે પોતાનો બિકીની લુક શેર કર્યો છે.

# વેડિંગ એનિવર્સરીના દિવસે શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા થયા રોમેન્ટિક

। મુંબઈ, તા.૨૩ ।

આજે શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા કંઈક અલગ જ મુડમાં જોવા મળી રહ્યા છે. આજે શિલ્પા અને રાજ કુન્દ્રાની વેડિંગ એનિવર્સરી છે. આ ખાસ દિવસે કપલ મસ્ત રોમેન્ટિક વિડીયો શેર કર્યો છે. શિલ્પા શેટ્ટી બોલિવૂડની એક જાણીતી એક્ટ્રેસ છે. ૨૨ નવેમ્બર ૨૦૦૯ માં બિઝનેસમેન રાજ કુન્દ્રા સાથે લગ્ન કર્યા હતા. આજે શિલ્પા અને રાજ લગ્નની ૧૪મી વેડિંગ એનિવર્સરી સેલિબ્રેટ કરી રહ્યા છે. આ ખાસ દિવસે શિલ્પાએ રાજ કુન્દ્રા સાથેની રોમેન્ટિક તસવીરો વિડીયોના માધ્યમથી સોશિયલ મિડીયા પર શેર કરી છે અને પતિને એનિવર્સરી વિશ કરી છે. શિલ્પાએ રાજ કુન્દ્રા સાથેની તસવીરોની કોલાજ બનાવીને વિડીયો શેર કર્યો છે. આ વિડીયોમાં રાજ સાથે કેટલીક રોમેન્ટિક પળોને એન્જોય કરતી જોવા મળી રહી છે. આ ક્યૂટ વિડીયોને શેર કરતા શિલ્પ ાએ કેપ્શનમાં લખ્યુ છે કે..૧૪ વર્ષપ તુમ્હે બહુત સારા પ્યાર, મેકી કુકી. યુ આર માય હેપ્પી પ્લેસ, રાજ કુન્દ્રા, એનિવર્સરી, ગ્રેટિટ્યૂડ, ટુગેધરનેસ, હસબેંડલવ. શિલ્પા સિવાય રાજ કુન્દ્રાએ પણ ખાસ પોસ્ટ શેર કરીને એની લવિંગ વાઈફને વેડિંગ એનિવર્સરની શુભકામના પાઠવી છે. રાજે ઈન્સ્ટગ્રામ પર શિલ્પાની સાથે પોતાના લગ્નની કેટલીક તસવીરોનું કોલાજ બનાવ્યુ છે જેમાં લગ્નથી લઈને અત્યાર સુધીમાં કેટલા મહિના, અઠવાડિયા અને કેટલા દિવસ થયા એ વિશે લખ્યુ છે. આ વિડીયો શેર કરતા રાજે કેપ્શનમાં લખ્યુ છે કે..૧૪ વર્ષ એન્ડ યુ સ્ટિલ જસ્ટ લુકિંગ લાઈક અ વોઉ..૧૪ મી સાલગિરહ મુબારક હો શિલ્પા શેટ્ટી, બ્લેસ્ડ, વાઈફ, એન્જલ લવ. તમને જણાવી દઈએ કે ૨૦૦૭માં રિયાલિટી શો બિગ બ્રધરની સિઝન ૫ દરમિયાન શિલ્પા રાજને મળી હતી. ત્યારબાદ શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા સાથે મુલાકાત ધીરે-ધીરે પ્રેમમાં બદલવા લાગી. ત્યારબાદ એક દિવસે રાજે શિલ્પાને ૫ કેરેટ ડાયમંડની રિંગ પહેરાવીને બધાની સામે લગ્ન માટે પ્રપોઝ કર્યો. પછી બન્નેએ ૨૨ નવેમ્બરના રોજ ૨૦૦૯માં લગ્ન કર્યા. લગ્ન પછી બન્ને જીંદગીમાં અનેક ઉતાર-ચઢાવ આવ્યા પણ આવ્યા.



# અભિનેત્રી ત્રિધા ચૌધરી તેના લગ્નને લઈને ચર્ચામાં છે

। મુંબઈ, તા.૨૩ ।

તમે બોબી દેઓલની વેબ સિરીઝ ‘આશ્રમ’ જોઈ જ હશે. આ અહેવાલમાં અમે તમને સિરીઝના તે પાત્રનો પરિચય કરાવી રહ્યા છીએ. જેણે ૨૪ વર્ષ મોટા અભિનેતા સાથે ઈન્ટીમેટ સીન આપીને ઘણી વાહવાહી લૂંટી હતી. બોલિવૂડ એક્ટર બોબી દેઓલે વેબ સીરિઝ ‘આશ્રમ’ સાથે્ પર શાનદાર એન્ટ્રી કરી હતી. આ સિરીઝમાં અભિનેતા નિરાલા બાબાના રોલમાં જોવા મળ્યો હતો. જેણે ફરી એકવાર લોકોને પોતાના ઉત્કૃષ્ટ અભિનયથી દિવાના બનાવ્યા. પરંતુ આ સિરીઝમાં બોબી દેઓલ સિવાય અન્ય એક પાત્ર પણ હતું. જેણે દર્શકોમાં ઘણી પ્રશંસા મેળવી હતી. અમે વાત કરી રહ્યા છીએ સુંદર અભિનેત્રી ત્રિધા ચૌધરીની જે આ શ્રેણીમાં બબીતાનું પાત્ર ભજવી રહી છે. જેણે પોતાની બોલ્ડ એક્ટિંગથી ઘણી ખ્યાતિ મેળવી હતી. સિરીઝમાં ત્રિધાએ તેના કરતા ૨૪ વર્ષ મોટા એક્ટર બોબી દેઓલ સાથે ખૂબ જ રોમેન્ટિક અને બોલ્ડ સીન્સ આપ્યા હતા. જેણે OTT પર સનસનાટી મચાવી દીધી હતી. બહુ ઓછા લોકો જાણે છે કે ત્રિધાએ વર્ષ ૨૦૧૩માં ફિલ્મ Mishawr Rawhoshyo પોતાના કરિયરની શરૂઆત કરી હતી. તે સમયે તે માત્ર ૧૯ વર્ષની હતી. આ ફિલ્મ પછી ત્રિધાએ ટીવીની દુનિયામાં પ્રવેશ કર્યો અને શો દહલીઝમાં કામ કર્યુ. ત્યારબાદ અભિનેત્રીએ ભોજપુરી ફિલ્મોમાં પ્રવેશ કર્યો. અભિનેત્રીએ આ ઈન્ડસ્ટ્રીમાં પણ ઘણું નામ કમાઈ છે. હાલ ત્રિધા તેના લગ્નને લઈને ચર્ચામાં છે. અભિનેત્રીએ તેના એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તે જલ્દી લગ્ન કરવા જઈ રહી છે. જોકે અભિનેત્રીએ તેના પતિનું નામ જાહેર કર્યું નથી. ત્રિધા સોશિયલ મીડિયા પર પણ ઘણી એક્ટિવ છે. જ્યાં તે દરરોજ પોતાની બોલ્ડ તસવીરો અને વીડિયો ફેન્સ સાથે શેર કરતી રહે છે. અમે વાત કરી રહ્યા છીએ સુંદર અભિનેત્રી ત્રિધા ચૌધરીની જે આ શ્રેણીમાં બબીતાનું પાત્ર ભજવી રહી છે.



# બ્લેક શોર્ટ ડ્રેસમાં નેહા મલિકની સુંદરતા જોઈને ચાહકો થયા દિવાના

। મુંબઈ, તા.૨૩ ।

ભોજપુરી ઈન્ડસ્ટ્રીની લોકપ્રિય અભિનેત્રી નેહા મલિક ફરી એકવાર પોતાની સ્ટાઈલથી ચાહકોનું ધ્યાન ખેંચવામાં સફળ રહી છે. આ દિવસોમાં દુબઈમાં વેકેશન માણી રહેલી આ સુંદરીએ બ્લેક શોર્ટ ડ્રેસમાં તેનું લેટેસ્ટ ફોટોશૂટ શેર કર્યું છે. જેમાં ફરી એકવાર આ સુંદરી સિઝલિંગ પોઝ આપતી જોવા મળી રહી છે. નેહા મલિકે ટ્રાન્સપરન્ટ સ્લીવ્ઝ સાથે શોર્ટ ડ્રેસ સાથે લાઈટ મેકઅપ લુક રાખ્યો છે. નેહા મલિક, જે તેની ફિટનેસ માટે વખાણવામાં આવી છે. તેણે ડ્રેસ સાથે દેખાવને ક્લાસી ટચ આપવા માટે ઈયરિંગ્સ અને સેન્ટર પાર્ટેડ હેર સ્ટાઈલ રાખી છે. ન તો તે ફિલ્મોમાં જોવા મળે છે અને ન તો મ્યુઝિક વીડિયોમાં, તેમ છતાં નેહા મલિકની લોકપ્રિયતા સતત વધી રહી છે. નેહા મલિક તેના કોન્સર્ટ માટે દુબઈ પહોંચી હતી, તાજેતરમાં જ અભિનેત્રી સિંગર મીકા સિંહના ઘરે દિવાળી પાર્ટી માટે પણ હાજર રહી હતી. અભિનેત્રી તેના લેટેસ્ટ અપડેટ્સ ઈન્સ્ટાગ્રામ દ્વારા ફેન્સ સાથે શેર કરતી રહે છે. જો કે, ભારતમાં હોય કે વિદેશમાં, અભિનેત્રી તેના વર્કઆઉટનો એક પણ દિવસ ચૂકતી નથી. પોતાની સ્ટાઈલથી પોતાનું નામ બનાવનારી નેહા મલિક ફેશનની બાબતમાં પણ બોલિવૂડની સુંદરીઓ સાથે સ્પર્ધા કરે છે. વાસ્તવમાં આ ભોજપુરી બ્યુટી કમાણીના મામલામાં કોઈથી પાછળ નથી. લાંબા સમયથી ફિલ્મો અને મ્યુઝિક વીડિયો ન કરવા છતાં તે સોશિયલ મીડિયા દ્વારા ખૂબ કમાણી કરી રહી છે. તે કોન્સર્ટ અને મેગેઝીન માટે ફોટોશૂટ પણ કરાવતી રહે છે. નેહા મલિકની આ તસવીરો જોયા પછી, યુઝર્સે કોમેન્ટ કરી અને લખ્યું, બ્યુટી ક્વીન. અન્ય યુઝરે કહ્યુંઃ તમારી ફિટનેસ અદ્ભુત છે. સોશિયલ મીડિયાની વાત કરીએ તો નેહા મલિકને ઈન્સ્ટાગ્રામ પર ૪.૧ મિલિયન લોકો ફોલો કરે છે. અભિનેત્રી પણ દરરોજ તેના ચાહકો માટે તસવીરો શેર કરતી રહે છે.





# દેશી લુકમાં એલી અવરામ, રેડ સાડીમાં બતાવ્યો જલવો



। મુંબઈ, તા.૨૩ ।

બોલિવૂડ એક્ટ્રેસ એલી અવરામ તેના લુક્સને કારણે ઘણી વાર ચર્ચામાં રહે છે. ફરી એકવાર અભિનેત્રીએ દેશી લુકમાં તસવીરો શેર કરી છે. તે સોશિયલ મીડિયા પર પણ ખૂબ એક્ટિવ રહે છે અને દરરોજ તેની તસવીરો શેર કરતી રહે છે. પરંતુ આ વખતે કંઈક એવું થયું કે એલી તેના કપડાના કારણે ચર્ચાનો વિષય બની છે. વાસ્તવમાં, એલીએ ટ્રેડિશનલ લુકમાં તસવીરો શેર કરી છે. એલીનો આ લુક સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે એલી અવરામ પહેલીવાર ૨૦૧૩મા બિગ બોસ ૭ માં જોવા મળ્યો હતી. આ પછી તેણે ઝલક દિખલા ઝામાં ભાગ લીધો અને ૨૦૧૩માં ‘મિકી વાયરસ‘થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું. આ પછી એલીએ ઘણી ફિલ્મોમાં કામ કર્યુ. એલી અવરામ તેની ફિલ્મો કરતા તેના લુકના કારણે વધુ ચર્ચામાં રહે છે. સામે આવેલી તસવીરોમાં અભિનેત્રી રેડ સાડીમાં જોવા મળી રહી છે. એલી અવરામ મૂળ સ્વીડિશ-ગ્રીક અભિનેત્રી છે. જો કે તેણે બોલિવૂડમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. અભિનેત્રી પોતાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી હતી.

# સલમાન ખાનની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વધારાઈ


### સલમાન ખાનને બિશ્નોઈનો ડર

### સુરક્ષા ગાર્ડ્સનું એક જૂથ તેની આસપાસ જોઈ શકાય છે, આ વીડિયો પર નેટીઝન્સ દ્વારા વિવિધ પ્રતિક્રિયાઓ મળી

। મુંબઈ, તા.૨૩ ।

સેલિબ્રિટીઝ અને તેમની આસપાસની કડક સુરક્ષા હંમેશા ચર્ચાનો વિષય હોય છે. હાલમાં જ મુંબઈ એરપોર્ટની બહાર એક્ટર સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આમાં સલમાનની આસપાસ ભારે સુરક્ષા જોઈ શકાય છે. સલમાન ૫૪માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં ભાગ લેવા ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે આ વીડિયો છે. જેમાં સલમાનનો બોડીગાર્ડ પણ એક ફેનને ધક્કો મારતો જોવા મળે છે. એક ફેન્સ સલમાન તરફ ફૂલોનો ગુલદસ્તો લઈને જઈ રહ્યો છે, જ્યારે બોડીગાર્ડે તેને એક તરફ ધકેલી દીધો. આ વીડિયો પર નેટીઝન્સ દ્વારા વિવિધ પ્રતિક્રિયાઓ મળી રહી છે. સલમાનની સાથે મુંબઈ એરપોર્ટની બહાર કડક સુરક્ષા ગોઠવવામાં આવી હતી. સલમાન સાથે વાય પ્લસ સિક્યોરિટી સાથે અન્ય બોડીગાર્ડની ટીમ સાથે તેમનો એક ખાનગી બોડીગાર્ડ પણ હતો. આ સુરક્ષાકર્મીઓના હાથમાં હથિયાર હતા. સલમાન જ્યારે એરપોર્ટ ગેટની બહાર નીકળ્યો ત્યારે બોડીગાર્ડ તેની રાહ જોઈ રહ્યા હતા. બસ, એક ફેન્સ હાથમાં ફૂલોનો ગુચ્છો લઈને સલમાન તરફ ચાલવા લાગે છે. સલમાન તેની નજીક પહોંચે તે પહેલા બોડીગાર્ડ્સે તેને એક તરફ ધકેલી દીધો. આ વીડિયોના કોમેન્ટ બોક્સમાં ઘણા લોકોએ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ઉલ્લેખ કર્યો છે. લોરેન્સે સલમાનને ઘણી વખત મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ તેની સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સલમાનને હાલમાં વાય પ્લસ સુરક્ષા આપવામાં આવી છે.

“આ લોરેન્સ બિશ્નોઈનો ડર છે,’’ એકે કહ્યું. અન્ય એક યુઝરે લખ્યું છે કે



# યુવા મતદારોમાં જાગૃતિ કેળવવા અર્થે ધોરાજી આઇ. ટી.આઇ. ખાતે મતદાર સાક્ષરતા/જાગૃતિ કાર્યક્રમ યોજાયો



। રાજકોટ, તા.૨૩ ।

આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ અભિયાન (SVEEP) કાર્યક્રમ અંતર્ગત ૧૮ વર્ષ પૂર્ણ કરેલા યુવાનો તેમનું નામ મતદારયાદીમાં નોંધાવે અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે અંગે જાગૃતિ કેળવવા ધોરાજી આઈ.ટી.આઈ. ખાતે મતદાર સાક્ષરતા/જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

દેશની લોકશાહી વધુ સશકત બને અને મહત્તમ નાગરિકો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતના ચૂંટણીપંચ દ્વારા ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે નવા મતદાર તરીકે નોંધણી કરાવવા લાયક યુવા મતદારોને આ તકે પ્રોત્સાહીત કરવામાં આવ્યાં હતા. કોઈ પણ યુવાન મતદાર પોતાનું નામ મતદાર યાદીમાં નોંધણી કરાવ્યા વિના રહી ન જાય અને નામ નોંધણી કરાવી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુથી સ્થળ પર જ દરેક વિદ્યાર્થીઓને નવા ચુંટણી કાર્ડ કાઢવા માટેની જરૂરી પ્રક્રિયા કરી ફોર્મ ભરી આપવામાં આવ્યા હતા.

આ તકે ધોરાજી પ્રાંત અધિકારીશ્રી એ.આર. પટેલે યુવાઓને સંબોધતા જણાવ્યું હતું કે, દેશનાં વિકાસમાં યુવાનોનું યોગદાન અતિ આવશ્યક છે ત્યારે લોકશાહીને વધુ સશકત બનાવવા મતાધિકારોનો અચૂકપણે ઉપયોગ કરવો જોઈએ. યુવાનોને કોઈપણ નાગરિક મતદાનથી વંચિત રહી ન જાય ત માટે યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. યુવા વિદ્યાર્થીઓએ મતદાનની મહત્તા સમજીને પોતાના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરવો જોઈએ. આ માટે સ્વયં જાગૃત થઈને મતદાતા તરીકે નોંધણી કરવી નૈતિક ફરજ છે. આજની યુવા પેઢી ટેકનોલોજી સાથે જોડાયેલી છે ત્યારે ટેકનોલોજીના માધ્યમનો ઉપયોગ કરીને મતદાર યાદીમાં નામ નોંધાવાથી લઈને સુધારા વધારા પણ ઘરે બેઠાં આંગળીના ટેરવે ઓનલાઈન પોર્ટલ, વોટર એપના માધ્યમથી કઈ રીતે કરી શકાય તે અંગે પણ ધોરાજી નાયબ મામલતદારશ્રી એસ.જે. પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરાજી પ્રાંત કચેરીના નાયબ મામલતદારશ્રી જયશ્રીબેન ગઢવી, સંસ્થાના પ્રિન્સિપાલશ્રી વિકાસ ભેસાણીયા, સ્ટાફગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# બોલીવુડના પ્રખ્યાત ગાયક જુબિન નૌટિયાલ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે

દીપક જગતાપ

। રાજપીપળા, તા.૨૩ ।



પ્રખ્યાત બોલીવુડ ગાયક જુબિન નૌટિયાલે આજે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તે સરદાર પટેલની ૧૮૨ ફૂટ ઊંચી પ્રતિમા જોઈને મંત્રમુગ્ધ થયા હતા.પ્રતિમાની મુલાકાત લઈને તેણે સરદાર સાહેબના જીવન વિશે બારીકાઈથી જાણકારી મેળવી હતી. લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઉંચી પ્રતિમા જોઈ શ્રી જુબિન નૌટિયાલ અત્યંત ભાવવિભોર થયા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળ્યા બાદ જુબિન નૌટિયાલે ગર્વની લાગણી અનુભવી હતી. જુબિન નૌટિયાલે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, લોખંડી પુરૂષ સરદાર પટેલની આ પ્રતિમાં સમગ્ર ભારત દેશનું ગૌરવ છે અને મને ગર્વ છે કે આજે આ મહાન પ્રતિભાને પ્રણામ કરવાનો મને મોકો મળ્યો. મને ગુજરાતથી ખુબ પ્રેમ અને આદર-સમ્માન મળ્યું છે. હું ગુજરાતના લોકો, અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટીનો આભાર માનું છું.મને જ્યારે પણ મોકો મળશે ત્યારે જરૂર અહીં ફરીથી મુલાકાત લઈશ.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દરમિયાન જુબિન નૌટિયાલે એક બાળકની ઈચ્છા પણ પૂરી કરી હતી. જુબીન નૌટિયાલ પરત ફરવા કારમાં બેસી ગયા હતા, તે દરમિયાન મોરબીથી આવેલા બાળ પ્રવાસી ઉજ્જ્વલ આચાર્યએ જુબીન નૌટિયાલને ફોટો પડાવવા વિનંતી કરી હતી.નાના બાળકની લાગણીને માન આપીને જુબીન નૌટિયાલે કારમાંથી ઉતરી બાળક સાથે ફોટો પડાવ્યો હતો.

# “વર્લ્ડ હેરિટેજ વીક ૨૩” ઉજવણીના ભાગરૂપે ખંભાલીડાની ગુફાઓ ખાતે વર્કશોપનું આયોજન કરાયું

## ડ્રોન, જી.પી.આર, લાઇડાર જેવી ટેક્નોલોજીનો સ્મારકોના સંરક્ષણમાં થનારા ઉપયોગ વિષે માહિતી અપાઇ

। રાજકોટ, તા.૨૩ ।



વિશ્વ સંસ્થા દ્વઈજીર્ઝ દ્વારા આપણી સંસ્કૃતિ, વારસો અને ઈમારતો વિષે લોકજાગૃતિ કેળવવાના ભાગરૂપે તા.૧૯ થી ૨૫ નવેમ્બર દરમ્યાન “વર્લ્ડ હેરિટેજ વીક”ની ઉજવણી કરવામાં આવી રહી છે જેના ભાગરૂપે પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક, ગુજરાત સરકાર દ્વારા કાર્યરત સહાયક પુરાતત્વ નિયામકની કચેરી, પશ્ચિમ વર્તુળ અને વોટસન મ્યુઝિયમ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે પી.ડીપી.યુ.(ગાંધીનગર)ના સહયોગથી આજ રોજ ખંભાલીડાની ગુફાઓ ખાતે ડ્રોન, જી.પી. આર., લાઈડાર જેવી ટેક્નોલોજીનો સ્મારકના સંરક્ષણમાં થઈ શકનારા ઉપયોગો પર સ્થળ પર જ નિદર્શન આપી ઉપસ્થિતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

રાજયના પુરાતત્વ વિભાગ દ્વારા ખંભાલીડાની ગુફાઓ ખાતે સંરક્ષણની કામગીરી ચાલી રહી છે જેમાં આ વર્કશોપના આયોજનથી ભાવિ પેઢીમાં ટેક્નોલોજી દ્વારા ઈમારતોની સાચવણી અને તેના પાયાથી લઈને શિલ્પકલાને સમજવા માટે નવી દિશાઓ ખુલશે, તેવું રાજકોટના સહાયક પુરાતત્ત્વ નિયામકશ્રી કુ. સિદ્ધા કે. શાહે જણાવ્યું હતું. આ વર્કશોપમાં વોટસન મ્યુઝીયમના ક્યુરેટરશ્રી સંગીતાબેન રામાનુજે ઉપસ્થિત વિદ્યાર્થીઓને પુરાતત્વના મહત્વ અને તેની જાળવણી વિશે અને આ સાઈટના સંશોધક શ્રી પી.પી.પંડ્યાના યોગદાન અંગે પણ માહિતી આપી હતી.

અત્રે પી.ડી.પી.યુ.ના આસી. પ્રોફસરશ્રી ડો. રાજેશ ગુજર તેમજ વિદ્યાર્થી ડો.હીરકરાજ બાપટે આ ટેક્નોલોજીના ઉપયોગ અને તેની વિગતોથી ઉપસ્થિતોને અવગત કરાવ્યા હતા. આ ટેકનોલોજીનો અભ્યાસ કેવી રીતે થઈ શકે તેમજ વિવિધ પ્રોજેક્ટનું કામ અને જી.પી.આર.નું નિદર્શન બતાવી ગુફાના આર્કીટેક્ચરથી માહિતગાર કરી વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરીના માધ્યમથી વિશિષ્ટ જાણકારી પુરી પાડી હતી. તમામ વિદ્યાર્થીઓ ગુફાઓને નિહાળી અને તેને અભ્યાસ સાથે જોડીને કઈ રીતે ભવિષ્યમાં તેનું જતન કરવું તે માટે સજજ થયા હતા. આ કાર્યક્રમમાં શ્રી હાર્દિક જોષી, પી.ડી.પી.યુ.ના નિષ્ણાતોની ટીમ, જીછ આર્કિટેકચર કોલેજના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરો તથા અન્ય આર્કિટેકચર ફર્મના પ્રતિનિધિશ્રીઓ જોડાયા હતા.

# ઝાલોદ તાલુકાના મોટીહાંડી ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્મ યોજાયો



। દાહોદ, તા.૨૩ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં તા.૧૫મી નવેમ્બર થી જનજાતીય ગૌરવ દિવસ‘થી સમગ્ર દેશમાં ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અન્વયે દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના મોટીહાંડી ગામના ગ્રામજનો અને અગ્રણી શ્રી એ ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું કુમ કુમ તિલક કરી સ્વાગત કર્યું હતું. કેન્દ્ર સરકારની આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અને ઉજ્જવલા યોજના જેવી અનેકવિધ યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચાડી શકાય તેવા ઉમદા હેતુસર સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આ યાત્રાના માધ્યમ દ્વારા મોટીહાંડી ગામના ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓના લાભો વિશેની માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે મોટીહાંડી સરપંચશ્રી, તાલુકા પંચાયત ના સભ્યશ્રી, આરોગ્ય કચેરીના કર્મચારીશ્રીઓ, આઈસીડીએસના કર્મચારીશ્રીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ‘વિકસિત ભારત માટે ગુજરાતનું ટેક્સટાઇલ વિઝન’ના થીમ પર ટેક્સટાઇલ અને એપેરલ સેક્ટર માટેનો સેમિનાર યોજાયો



। દાહોદ, તા.૨૩ ।

૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે સુરતના સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)ના સરસાણા સ્થિત પ્લેટેનિયમ હોલ ખાતે એસોસિયેટેડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ઓફ ઈન્ડિયા તથા રાજય સરકાર દ્વારા ‘ફ્યુચર રેડી પહ્લઃ વિકસિત ભારત માટે ગુજરાતનું ટેક્સટાઈલ વિઝન’ ના થીમ પર ટેક્સટાઈલ અને એપેરલ સેક્ટર માટેનો સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય ટેક્ષટાઈલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, બેસ્ટ કવોલીટી સાથે ટેકનિકલ ટેક્ષટાઈલક્ષેત્રના વિકાસમાં ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. સુરતના લોકોના નેચરમાં બિઝનેસ માઈન્ડ રહેલો છે. નવસારી ખાતે પીએમમિત્રા પાર્કના નિર્માણથી વિશાળ રોજગારીના સર્જન સાથે ટેક્ષટાઈલક્ષેત્રને નવી ઉચાઈઓ સુધી લઈ જશે તેમ જણાવીને ભારત સરકાર ૨૦૪૭માં વિકસીત ભારતના લક્ષ્યાંક સાથે આગળ વધી રહી હોવાનું કહ્યું હતું. રાજય સરકારે લેબર, શ્રમ અને ટેક્ષટાઈલની પોલીસીઓ બનાવી છે ત્યારે ટેક્ષટાઈલક્ષેત્રે વિશાળ તકો રહેલી છે. મેનમેડ ફાઈબરની સાથે રેડીમેન્ટ ગારમેન્ટ પર ધ્યાન કેન્દ્રીત કરવાની કટિબધ્ધતા મંત્રીએ વ્યકત કરી હતી. રેડીમેન્ટ ગારમેન્ટક્ષેત્રે વેલ્યુ એડીશન સાથે મહિલાઓની વિશેષ ભાગીદારી રહેલી છે. ‘ફ્યુચર રેડી પહ્લ ને ધ્યાને લઈ ટેક્ષટાઈલ ક્ષેત્રના વિકાસમાં સરકાર આગળ વધી રહી છે. આ અવસરે ઉદ્યોગ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની શરૂઆત કરીને દેશ તથા દુનિયાના ખુણે ખુણેથી ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ કરવા માટે આકર્ષ્યા હતા. જે પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે. જેનાથી આજે ગુજરાત દુનિયાના નકશામાં ગ્લોબલ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. અન્ય ઈન્ડસ્ટ્રીઝ કરતા ટેક્ષટાઈલમાં રોકાણથી વધુ રોજગારીનું સર્જન થાય છે. રાજય ગારમેન્ટ સેકટરનું હબ બને તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સરકાર સૌના વિચારોને પ્રાધાન્ય આપીને પોલીસીનો અમલ કરનારી સરકાર છે. મંત્રીએ સૌ ઉદ્યોગકારોને ગુજરાતમાં રોકાણ કરવા આમંત્રણ પાઠવ્યું હતું.

એસોચેમ (ASSOCHAM) ગુજરાત કાઉન્સિલના ચેરમેન શ્રી ચિંતન ઠાકરે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ટેક્સટાઈલ સેક્ટર સાથે સંકળાયેલ ઉદ્યોગકારોના સહકાર માટે કટ્ટિબદ્ધ છે. એટલે જ ટેક્સટાઈલ ઉદ્યોગકારો માટે ગુજરાતમાં મોટી તક રહેલી છે. ખેતીવાડી બાદ સૌથી વધુ રોજગારી ટેક્ષટાઈલ ક્ષેત્ર પુરી પાડે છે. બીજા અન્ય સેકટરમાં એક કરોડના રોકાણમાં ૩ થી ૫ લોકોને રોજગારી મળે છે જેની સામે ટેક્સટાઈલ સેકટરમાં એક કરોડના રોકાણથી ૯ થી ૧૫ રોજગારીનું સર્જન થાય છે.

# ‘પૂજ્ય દાદા ભગવાનના ૧૧૬મા જન્મજયંતિ મહોત્સવ’નો અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રારંભ

## વ્યસન મુક્તિનો સંદેશ આપતા બે પુસ્તકોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા પૂજ્યશ્રી દીપકભાઈ દેસાઈના હસ્તે વિમોચન



। અમરેલી, તા.૨૩ ।

‘પરમ પૂજ્ય દાદા ભગવાનના ૧૧૬મા જન્મ જયંતિ મહોત્સવ’નું અમરેલી ત્રિમંદિર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે અહીં ઉપસ્થિત રહી મહોત્સવમાં જોડાયા હતા. અમરેલી લીલીયા રોડ પર આવેલા ત્રિમંદિર ખાતે વિશાળ ડોમમાં આયોજિત સત્સંગ સભામાં પધાર્યા બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સંપ્રદાયના પૂજ્ય શ્રી દીપકભાઈએ દીપ પ્રાગટ્ય સાથે સાત દિવસીય મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો સાથે સત્સંગ માણ્યો હતો. આ તકે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત ભાવિકોને સંબોધતા કહ્યું હતું કે, “છેવાડાના નાગરિકોનું કલ્યાણ થાય અને તેઓ મુખ્ય પ્રવાહમાં જોડાય તેની કાળજી રાજ્ય સરકાર રાખે છે.” “હાલમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં પ્રજાજનો માટે ઘણાં સારાં કામો થઈ રહ્યાં છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થઈ રહેલા પ્રજાજનોના કલ્યાણ માટેના કાર્યોનો સૌથી વધુ લાભ ગુજરાત રાજ્યને મળ્યો છે,” તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ મહોત્સવના શુભારંભ પ્રસંગે વ્યસન મુક્તિનો સંદેશ અને પ્રેરણા આપતાં બે પુસ્તકનું વિમોચન પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા પૂજ્ય શ્રી દીપકભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે મુખ્યમંત્રીશ્રીએ મહોત્સવમાં આવેલા થીમ પાર્કની મુલાકાત લીધી હતી અને સદગુણોના સિંચનની પ્રેરણા આપતી શોર્ટ ફિલ્મ પણ નિહાળી હતી. આ કાર્યક્રમમાં સાંસદશ્રી નારણભાઈ કાછડિયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતભાઈ સુતરીયા, નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વ શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જે.વી.કાકડીયા, શ્રી જનકભાઈ તળાવીયા, શ્રી હિરાભાઈ સોલંકી, રેન્જ આઈ.જી. શ્રી ગૌતમ પરમાર, કાર્યકારી જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ વડાશ્રી હિમકર સિંઘ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી રાજેશભાઈ કાબરીયા, અમરેલી જિલ્લા વહીવટી તંત્ર તથા મહાનુભાવો પણ જોડાયા હતા.

# જતન પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારિશ્રીએ પોશીના ના ધોઇની મુલાકાત લીધી

। હિંમતનગર, તા.૨૩ ।

નીતિ આયોગના સૂચકાંકો મા માતા મરણ અને બાળ મરણ અત્યંત મહત્વના છે. તંદુરસ્ત ભારતના નિર્માણમાં કિશોરી નું સ્વાસ્થ્ય મહત્વની બાબત છે. સાબરકાંઠા જિલ્લામાં કિશોરીઓ માં એનિમિયાના અને બાળકોમાં કુપોષણ ના પ્રમાણમાં ઘટાડો લાવવાનાં ધ્યેય સાથે ખેડબ્રહ્મા ના ધોઈ અને બહેડીયા ગામોમાં જતન પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદ કરી વિશેષ કામગીરી કરવામાં આવેલ છે. આજે જતન પ્રોજેક્ટ અંતર્ગત કુપોષણ નાબુદી ના ધ્યેય સાથે ખેડબ્રહ્માના ધોઈ ગામે બુબડીયા ફળોમાં સામાજિક વર્તન પરિવર્તન સંચાર બેઠક કરવામાં આવી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ઉપસ્થિત કિશોર-કિશોરીઓ અને વાલીઓને કિશોરીઓમાં હિમોગ્લોબિનના પ્રમાણ અને તેના મહત્વ અંગે જાણકારી આપી લોહ તત્વ યુક્ત આહાર અને લીલા શાકભાજીના મહ્ત્વ અંગે માર્ગદર્શિત કર્તેલ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સાંજે થોડીક હળવાશ માણો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દઢતા બક્ષશે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો અને ટીવી પર ઘણી મૂવીઝ અને પ્રોગ્રામ જોઈ શકો છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે.

# ભારતે કેનેડિયન નાગરિકો માટે ફરી શરૂ કરી ઈ-વિઝા સેવા

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતે લગભગ બે મહિના બાદ કેનેડિયન નાગરિકો માટે ફરીથી ઈલેક્ટ્રોનિક વિઝાની સેવાઓ શરૂ કરી છે. તેનાથી કેનેડિયન નાગરિકોને મોટી રાહત મળી છે. ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના કેનેડિયન પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોના આરોપો બાદ બંને દેશો વચ્ચે સંબંધોમાં કડવાશ આવી હતી. જેના કારણે રાજનયિક વિવાદ વચ્ચે ભારતે ૨૧ સપ્ટેમ્બરના રોજ કેનેડિયન નાગરિકો માટે વિઝા સેવાઓ સસ્પેન્ડ કરી હતી.





અત્રે જણાવવાનું કે ભારતે એવા સમયે ઈ વિઝા ફરી શરૂ કરવાની જાહેરાત કરી છે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટૂડો જી૨-ની વર્ચ્યુઅલ મીટિંગમાં આમને સામને થવાના છે. આ મીટિંગ પહેલા ભારત તરફથી કરવામાં આવેલી કાર્યવાહીને બંને દેશો વચ્ચે આપસી સંબંધોને ફરીથી પ ાટા પર લાવવાની દિશામાં એક સકારાત્મક પ ગલા તરીકે જોવામાં આવી રહ્યું છે. આ અગાઉ કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ એવો આરોપ લગાવ્યો હતો કે જૂનમાં કેનેડાના નાગરિક અને ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટ સામેલ હતા. ભારત સરકારે આ આરોપ ફગાવ્યા હતા અને આરોપને પાયાવિહોણા અને મનમાની ગણાવ્યા હતા. ભારતે આ અંગે કેનેડાને પોતાના દાવાના સમર્થનમાં પુરાવા શેર કરવાની પણ માંગણી કરી હતી પરંતુ હજુ સુધી કેનેડા આ પુરાવા આપવામાં નિષ્ફળ રહ્યું છે.

ઈ વિઝા સર્વિસ ફરી શરૂ કરવાનો અર્થ તેમાં મેડિકલ વિઝા, બિઝનેસ વિઝા અને ટુરિસ્ટ વિઝા સહિત ચાર પ્રકારના વિઝા સામેલ છે.

સપ્ટેમ્બરમાં ભારતે આગામી આદેશ સુધી આ વિઝા પર પ્રતિબંધ લગાવ્યો હતો. જ્યારે બને દેશો વચ્ચે સંબંધો તણાવગ્રસ્ત થયા હતા ત્યારે બંને દેશોએ પોત પોતાના નાગરિકો માટે એડવાઈઝરી પણ બહાર પાડી હતી.

### હમાસ સાથેની ડીલ તૂટવાનો ખતરો

# ગાઝામાં સીઝફાયર અગાઉ ઇઝરાયલના હુમલાઓમાં ૧૦૦થી વધુ પેલેસ્ટિનિયન મોત થયા

## હાલમાં અમેરિકાના ૯, થાઈલેન્ડના ૨૩, આર્જેન્ટિનાના ૧૫, જર્મનીના ૧૨, ફ્રાન્સના ૬ અને રશિયાના ૬ નાગરિકો હમાસના બંધકો છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

ગાઝામાં ચાલી રહેલું ભીષણ યુદ્ધ થોડા દિવસો માટે બંધ થવાનું છે. હમાસ અને ઈઝરાયલે પરસ્પર સંમતિથી યુદ્ધવિરામની જાહેરાત કરી છે, જે ગુરુવારે સવારે ૧૦ વાગ્યાથી શરૂ થશે અને આગામી ચાર દિવસ સુધી યથાવત રહેશે. દરમિયાન, હમાસ અને ઈઝરાયલ એકબીજાના બંધકોને મુક્ત કરશે. પરંતુ આ પહેલા પેલેસ્ટાઈને ઈઝરાયલ આર્મી પર સનસનીખેજ આરોપ લગાવ્યો છે. પેલેસ્ટાઈનના વિદેશ મંત્રી રિયાદ અલ-મલિકીએ કહ્યું છે કે આઈડીએફએ મંગળવારની મોડી રાતથી હુમલાઓ વધારી દીધા છે. હોસ્પિટલો અને શરણાર્થી શિબિરોને નિશાન બનાવવામાં આવી રહી છે. ઈઝરાયલના હુમલાઓમાં ૧૦૦ થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. જેમાંથી ૫૨ લોકો એક જ પરિવારમાં રહેતા હતા.



પેલેસ્ટિનિયન વિદેશ પ્રધાને લંડનમાં આરબ વિદેશ પ્રધાનોની બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "બુધવારની સવારે જ ઉત્તર ગાઝાના કદૌરામાં એક જ પરિવારના ૫૨ લોકો માર્યા ગયા હતા. તેઓને ઈઝરાયેલ દ્વારા મારવામાં આવ્યા હતા.'' આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે શું હમાસ આવા હુમલા બાદ યુદ્ધવિરામ ચાલુ રાખશે? શું પેલેસ્ટિનિયનો સાથે ચાલી રહેલી અથડામણો બંધકોની મુક્તિ પરના કરારને અસર કરી શકે છે? આ ચિંતા અમેરિકા સહિત ઘણા દેશોને પણ પરેશાન કરી રહી છે. હાલમાં અમેરિકાના ૯, થાઈલેન્ડના ૨૩, આર્જેન્ટિનાના ૧૫, જર્મનીના ૧૨, ફ્રાન્સના ૬ અને રશિયાના ૬ નાગરિકો હમાસના બંધકો છે. ઈઝરાયલે બંધકોને મુક્ત કરવાના બદલામાં ચાર દિવસના યુદ્ધવિરામને મંજૂરી આપી છે. પ્રથમ તબક્કામાં હમાસ ૫૦ બંધકોને મુક્ત કરશે જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. બદલામાં ઈઝરાયલ તેની જેલમાં બંધ ૩૦૦ પેલેસ્ટાઈનિઓને મુક્ત કરવા માટે સહમત થયુ છે. પરંતુ પ્રથમ તબક્કામાં તે માત્ર ૧૫૦ પેલેસ્ટાઈનિઓને જ મુક્ત કરશે. અમેરિકાના રાષ્ટ્રપતિ અને અન્ય નેતાઓએ તેમના નાગરિકોની મુક્તિ માટે અનેક પગલાં લીધા હતા. આવી સ્થિતિમાં જો હમાસ અને ઈઝરાયેલ વચ્ચેનો કરાર કોઈ કારણસર સ્થગિત અથવા તોડવામાં આવશે તો આ નાગરિકોની મુક્તિ પણ મુશ્કેલીમાં મુકાઈ જશે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુની ઓફિસે જણાવ્યું હતું કે ઈઝરાયલ સરકારે ગાઝામાં બંધક તરીકે રાખવામાં આવેલી ૫૦ મહિલાઓ અને બાળકોને મુક્ત કરવા માટે હમાસ આતંકવાદીઓ સાથેની ડીલને સમર્થન આપ્યું હતું. સાથે સાથે ઈઝરાયલ સરકાર તેમની જેલમાં બંધ પેલેસ્ટાઈનના ૧૫૦ મહિલા અને સગીર કેદીઓને મુક્ત કરવા પર સહમત થઈ હતી. એવા લોકોને મુક્ત કરવામાં આવશે જેમના પર કોઈ ઘાતક આતંકવાદી હુમલામાં સામેલ હોવાનો સીધો આરોપ લાગ્યો નથી.

### ડીપફેક પર ચેતવણી બાદ સંશોધકોની વધુ એક ચેતવણી

# સંશોધકોએ લોકોને ક્લિયર-ફેક અંગે પણ ચેતવણી આપી

## ક્લિયરફેક પણ ડીપફેક જેવું જ છે, આમાં એઆઈ દ્વારા નકલી વીડિયો, ફોટા, વેબસાઇટ વગેરેનો ઉપયોગ કરીને લોકોને છેતરવામાં આવે છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

કેન્દ્ર સરકાર દ્વારા લોકોને ડીપફેક અંગે ચેતવણી આપી છે. એઆઈનો દુરુપયોગ કરીને સોશિયલ મીડિયા પર નકલી વીડિયો વાયરલ કરવામાં આવી રહ્યા છે. જે બાબતે કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા કંપનીઓને કાર્યવાહી કરવા અને કડક કાયદો બનાવવા કહ્યું છે. કંપનીઓ આ દિશામાં કામ કરી રહી છે. દરમિયાન, સંશોધકોએ લોકોને ક્લિયરફેક અંગે પણ ચેતવણી આપી છે. તો જોઈએ ક્લિયરફેક શું છે અને તે કેવી રીતે નુકસાન પહોંચાડે છે. ક્લિયરફેક પણ ડીપફેક જેવું જ છે. આમાં એઆઈ દ્વારા નકલી વીડિયો, ફોટા, વેબસાઈટ વગેરેનો ઉપયોગ કરીને લોકોને છેતરવામાં આવે છે. તેના દ્વારા લોકોને ખોટી માહિતી, વીડિયો, ફોટો અને માલવેર મોકલવામાં આવે છે. જેમાં ક્લિયરફેક વડે લોકો સિસ્ટમમાં ખોટા સોફ્ટવેર ઈન્સ્ટોલ કરે છે અને પછી સિસ્ટમમાંથી તેમની અંગત માહિતીની ચોરી કરે છે. આ વર્ષની શરૂઆતમાં, સંશોધકોએ એક નવો સાયબર ખતરો શોધી કાઢ્યો, એટોમિક મેકઓએસ સ્ટીલર (એએમઓએસ), જે એક અત્યાધુનિક માલવેર છે જે મુખ્યત્વે એપલ યુઝર્સને ટાર્ગેટ બનાવે છે. એકવાર યુઝર્સની સિસ્ટમ પર ઈન્સ્ટોલ થઈ ગયા પછી, તે આઈક્લાઉડ કીચેન પાસવર્ડ્સ, ક્રેડિટ કાર્ડ વિગતો, ક્રિપ્ટો વોલેટ્સ અને અન્ય પ્રકારની ફાઈલો સહિત સંવેદનશીલ માહિતી કાઢવાની ક્ષમતા ધરાવે છે. આ માલવેર પહેલાથી જ યુઝર્સ માટે ખતરો હતો, પરંતુ હવે છેતરપિંડી કરનારા આ માલવેરને ક્લિયરફેક દ્વારા લોકોની સિસ્ટમમાં દાખલ કરે છે.

## વૃક્ષો માટે પેન્શન આપનારું હરિયાણા દેશનું પ્રથમ રાજ્ય

। નવી દિલ્હી, તા.૨૩ ।

વૃક્ષોના જતન માટે હરિયાણાની સરકારે લીધું ખુબ મોટું પગલું. હરિયાણા એક એવી અનોખી સ્કીમ લઈને આવી છેકે, આનાથી વૃક્ષોનું પણ જતન થશે અને લોકોને પણ પૈસા મળશે. હરિયાણામાં 'પ્રાણ વાયુ દેવતા સ્કીમ' ચલાવવામાં આવી રહી છે. આ સ્કીમ હેઠળ હવે કરનાલમાં વૃક્ષોના સંરક્ષણ માટે પ્રદેશ સરકારે જિલ્લાની અલગ અલગ પંચાયતો અને શહેરી વિસ્તારમાં આવેલ ૭૫ થી ૧૫૦ વર્ષ જૂના ૧૨૦ વૃક્ષો માટે જિલ્લા વન વિભાગે પ્રથમ વર્ષ માટે ૨૭૫૦ રૂપિયાની પેન્શન જારી કરી દીધી છે. આ માટે વિભાગને ૩.૩૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા હતાં. વન વિભાગના જણાવ્યા અનુસાર જિલ્લામાં નવ પ્રકારના વૃક્ષોને પેન્શનનો લાભ આપવામાં આવ્યો છે. જેમાં સૌથી વધુ ૪૯ પીપળાના વૃક્ષ અને ૩૬ વડના વૃક્ષ સામેલ છે.

## માત્ર ૩૫૦ રૂપિયા માટે દિલ્હીમાં સગીરે એકની હત્યા કરી દીધી

। નવી દિલ્હી, તા.૨૩ ।

દિલ્હીમાં એક સગીરે માત્ર ૩૫૦ રૂપિયા માટે એક વ્યક્તિની નિર્મમ રીતે હત્યા કરી હતી. આ ચોંકાવનારી ઘટનાનો એક વીડિયો હાલ સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં આરોપી એક યુવક પર સતત ચાકુથી હુમલો કરતો જોવા મળે છે અને બાદમાં તેની ગરદન પર ચાકુ રાખીને તેને કાપી નાખે છે. આરોપી વ્યક્તિ યુવકને મોતને ઘાટ ઉતારે છે અને પછી તેના મૃતદેહ સામે ઉભા રહીને ડાન્સ કરે છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ આ ઘટના દિલ્હીના વેલકમ વિસ્તારના જનતા મજદૂર કોલોની વિસ્તારની છે.

### અમેરિકા-કેનેડા બોર્ડરના ચેકપોઈન્ટ પાસે અકસ્માત

# રેઈન્બો બ્રિજ પાસે અકસ્માતમાં બે લોકોનાં કરૂણ મોત થયા

## યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શને ફૂટેજ પોસ્ટ કર્યા છે જ્યારે કાર વધુ ઝડપે આવે છે અને ફૂટપાથ સાથે અથડાય છે

। વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકા-કેનેડા બોર્ડરના ચેકપોઈન્ટ પાસે રેઈન્બો બ્રિજ પાસે એક ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ અકસ્માતના કારણે આજે અમેરિકા અને કેનેડાની અન્ય સીમાઓ બંધ કરી દેવામાં આવી છે. પ્રાથમિક અહેવાલ મુજબ આ ઘટના આતંકવાદ સાથે સંકળાયેલી હોઈ શકે છે. પરંતુ હજુ સુધી તેની પુષ્ટિ થઈ નથી. આ અકસ્માતમાં કારમાં હાજર ૨ લોકોના મોત થયા હતા. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી)એ તે સમયના ફૂટેજ પોસ્ટ કર્યા છે જ્યારે કાર વધુ ઝડપે આવે છે અને નજીકના ફૂટપાથ સાથે અથડાય છે. સીબીપીએ એક્સ પર વીડિયો શેર કરતા લખ્યું, 'રેઈન્બો બ્રિજ પર એક વાહનમાં વિસ્ફોટ થયો. જે પછી સીબીપી, એફબીઆઈ ફેડરલ, રાજ્ય અને સ્થાનિક પોલીસ સાથે મળીને કામ કરી રહ્યું છે. આ બ્રિજ બંધ કરી દેવામાં આવ્યો છે. સીબી પીએ અન્ય ૩ બફેલો ક્રોસિંગ પર ઈનબાઉન્ડ/આઉટબાઉન્ડ ટ્રાફિકને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધો છે.' કાર અમેરિકાથી અમેરિકા-કેનેડા બ્રિજ તરફ પુરપાટ ઝડપે આવી રહી હતી.

### રાજૌરીના જંગલમાં ત્રણ દિવસથી સૈન્ય ઓપરેશન

## શહીદ કેપ્ટનના ઘરમાં લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી

। આગરા, તા.૨૩ ।

જમ્મુ કાશ્મીરના રાજૌરીના જંગલમાં ત્રણ દિવસથી સૈન્ય ઓપરેશન ચાલી રહ્યું છે અને આ ઓપરેશન દરમિયાન સૈન્યના બે કેપ્ટન અને બે જવાન શહીદ થઈ ગયા છે જેમા આગરાના કેપ્ટન શુભમ ગુપ્તાનો પણ સમાવેશ થાય છે. શુભમના પરિવારજનો શુભમના લગ્નની તૈયારી કરી રહ્યા હતા ત્યારે જ મૃત્યુના સમાચાર પહોંચતા જ પરિવાર શોકમાં ડૂબી ગયો હતો.

રાજૌરીના બજીમલ વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં આગરાના કેપ્ટન શુભમ ગુપ્તા શહીદ થયા હતા. કેપ્ટન શુભમ ગુપ્તા જિલ્લા સરકારના એડવોકેટ બસંત ગુપ્તાના પુત્ર હતા. શુભમના પરિવાર તેમના આ વર્ષે થનારા લગ્નની તૈયારી કરી રહ્યો હતો ત્યારે જ તેમના બલિદાનના સમાચાર મળતા પરિવારને મળતા જ ઘરમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. શુભમની માતા આ સમાચાર સાંભળીને બેભાન થઈ ગયા હતા. હજુ છ મહિના પહેલા જ શુભમ તેમના પરિવારને મળવા આગરા આવ્યા હતા.

### રેડ સીમાં જહાજ હાઈજેક કરવાનો વીડિયો જાહેર

# હુતી બળવાખોરોએ જહાજ હાઈજેક કરવા અંગેનો વીડિયો જાહેર કર્યો

## વીડિયો પહેલી નજરે જોનારને બોલીવૂડની કોઈ ફિલ્મના દિલધડક એક્શન સીન જેવો લાગી શકે છે

। ગાઝા, તા.૨૩ ।

ઈઝરાયેલ અને આતંકવાદી સંગઠન હમાસના યુદ્ધ વચ્ચે યમનના ઈરાન સમર્થિત હુતી બળવાખોરોએ ભારત તરફ જનારી ઈઝરાયેલના માલવાહક જહાજને હાઈજેક કરવાનો વીડિયો જાહેર કર્યો છે.

આ વીડિયો પહેલી નજરે જોનારને બોલીવૂડની કોઈ ફિલ્મના દિલધડક એક્શન સીન જેવો લાગી શકે છે. મધદરિયે માલવાહક જહાજ જઈ રહ્યું છે અને અચાનક એક હેલિકોપ્ટર તેની ઉપર ઉડતું જોવા મળે છે, જેમાંથી અમુક બંદૂકધારી હુમલાખોરો નીચે ઉતરે છે. જે બાદ થયેલા ઘટનાક્રમે દુનિયાને ચોંકાવી દીધી છે. હુમલાની આવી તસવીરો મોટાભાગે ફિલ્મો અને વીડિયો ગેમ્સમાં જોવા મળે છે. પરંતુ, મધદરિયે ભારે ભરખમ જહાજને હાઈજેક કરવાનો આ વીડિયો અલગ પ્રકારનો ડરાવનારો અનુભવ છે. આ વીડિયો રેડ સી એટલે કે, લાલ સમુદ્રનો છે. જેમાંથી, એક માલવાહક જહાજ ગેલેક્સી લિડર સમુદ્રની વચ્ચેથી પસાર થઈ રહ્યું હતું. આ જહાજની છત પર ક્રૂ મેમ્બર અથવા સિક્યોરિટી કર્મચારીઓમાંથી કોઈપણ હાજર નહતું. આ દરમિયાન હેલિકોપ્ટર કેમેરાની ફ્રેમમાં નજર આવે છે.

## વિશેષ લેખ

### દુનિયાભરમાં ૧.૭૯ કરોડ લોકો દર વર્ષે હૃદય સાથે જોડાયેલ બીમારીને કારણે મૃત્યુ પામે મે છે

# સતત ૨૪ કલાક ધબકતા આપણા હૃદયને હેમખેમ કેમ રાખશો ?



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ

છેલ્લા ઘણા વખતથી ખાસ કરીને ગુજરાતમાં હાર્ટએટેકના કિસ્સામાં ખાસો વધારો થઈ રહ્યો છે જે ચિંતાનું કારણ છે. આજકાલ ફાસ્ટ યુગ મા દોડધામની જિંદગીમા હાર્ટની બિમારીઓમાં હાર્ટ એટેકની સમસ્યા વધારે જોવા મળે છે. આ બિમારીનું મુખ્ય કારણ ખાણીપીણીની આદતો હોય છે. શરીરમાં બ્લડ સર્ક્યુલેશન હાર્ટથી થાય છે. જે શરીરના અનેક ભાગમાં શુદ્ધ લોહી પહોંચાડે છે. હાર્ટની બિમારી રોકવા કોલેસ્ટ્રોલ લેવલને કંટ્રોલ કરવું જરૂરી છે. જો થોડી સાવધાની રાખવામાં આવે તો હાર્ટની બિમારીઓથી બચી શકાય છે.

વર્લ્ડ હાર્ટ ફેડરેશન અનુસાર સમય પહેલાં થનારા મૃત્યુમાં ઓછામાં ઓછું ૮૦ ટકા કારણ હાર્ટનું હોય છે. જેમાં ખોટી ખાણીપીણીની આદત, તમાકુનો ઉપયોગ, કસરતનો અભાવ અને દારૂનું સેવન જવાબદાર રહે છે. દુનિયાભરમાં ૧.૭૯ કરોડ લોકો દર વર્ષે હૃદય સાથે જોડાયેલ બીમારીને કારણે મૃત્યુ પામે મે છે. આ નંબર દુનિયાભરમાં થનારા કુલ મૃત્યુના ૩૧% છે.

૭૦ વર્ષ પહેલાં મૃત્યુ પામનાર દર ૩ વ્યક્તિમાંથી એકનું મૃત્યુ હૃદયરોગને કારણે થાય છે. ૮૦% હૃદય રોગ સંબંધી મૃત્યુ હાર્ટ અટેક સથવા સ્ટ્રોકને કારણે થાય છે.૧.૧ વયસ્ક છે વિશ્વમાં જેને બ્લડ પ્રેશરની ફરિયાદ છે. જેમાં દર ૫માંથી એક વ્યક્તિ છે, જેને આને કન્ટ્રોલ કરી રાખ્યું છે. હૃદયરોગને અમેરિકન ભાષામાં સાઈલેન્ટ કિલર કહ્યો છે. ગુજરાતી વાચકના નસીબે ગુણવંત શાહ જેવા સંયમી, વિવેકી અને આહાર-વિહારમાં ડિસિપ્લીન પાળનારનેય ૭૫ની વયે હુમલો આવી શકે છે તો આપણે શી વિસાતમાં? સૌથી નંબરવન ભારતના હૃદયરોગી વડાપ્રધાન ડો. મનમોહન સિંહ છે. વળી હૃદયરોગ દર્દીને કે સગાંવહાલાંને મારે નહીં તો પણ તે પૈસે ટકે માંદા પાડે છે. ભારતમાં તો વિદેશના હૃદયરોગીઓનો ઉપચાર કરવાનો દક્ષિણ-ભારતમાં જબ્બર ધંધો ખીલ્યો છે. દા.ત. હૃદયરોગના હુમલા પછી જે એન્જિઓપ્લાસ્ટી થાય છે એટલે કે હૃદયને લોહી પૂરુ પાડતી નસ સંકોચાઈ જાય છે તેનું સમારકામ થાય છે. તેનું ઓપરેશન ૫૦,૦૦૦ ડોલરમાં એટલે કે રૂ.સવા બે કરોડમાં અમેરિકામાં થાય છે. એ જ ઓપરેશનબેંગલોરમાં૯૦૦૦ડોલરમાંકરનારીધંધાદારી હોસ્પિટલો ઊભી થઈ છે. ૯૦૦૦ ડોલર એટલે કે લગભગ રૂ. સવા ચાર લાખ.

'લાન્સેટ' નામના વિજ્ઞાનના મેગેઝિને નવું સંશોધન કર્યું તેમાં આગાહી કરી હતી કે જગતમાં જે હૃદયરોગનો વ્યાપ થશે તેમાં ૬૦ ટકા દર્દી ભારતમાં હશે. હૃદયરોગથી જે મરે છે તે કોરોનરી આર્ટરી ડિસઝિથી મરે છે. માત્ર હૃદયરોગની બીજી અનેક ગૂંચવણો છે તેમાં નસ સાંકડી થવાથી જગતભરમાં ૨૦૦૧માં ૭૧ લાખ મરણો થયાં હતાં. તેમાં ૮૦ ટકા ભારત જેવા ગરીબ દેશોમાં થયાં હતાં. ત્યારે આગાહી થઈ હતી કે ૯ વર્ષમાં આ રોગમાં ૬૦ ટકા વધારો થશે. બેંગલોરની સેન્ટ જહોન ડેનિસ તેમ જ પ્રો. સલીમ યુસુફ જે કેનેડામાં છે તેમણે ૨૧૦૦૦ હૃદયરોગની રજિસ્ટ્રી રાખેલી તેમાંથી ૪૦ ટકા જ હૃદયરોગથી બચવા પામ્યા હતા. હૃદયરોગ માટે, કમરનાં હાડકાંને નવા નાખવા માટે કે ઘૂંટણનાં



નવાં હાડકાં માટે પ્રોસ્ટેટની સર્જરી માટે કે વૃદ્ધ ચહેરાને જુવાન બનાવવા માટે આજે પેટ, આંતરડાના રોગ માટે ભારત એક મોટું મેડિકલ આઉટસોર્સિંગનું કેન્દ્ર બન્યું છે. ભારતમાં અમેરિકા, બ્રિટન, કેનેડા, નાઈઝિરિયા, ઈરાક, ઝામ્બિયા, તાન્ઝાનિયા વગેરે દેશોના દર્દી વિવિધ રોગોની સારવાર કે સર્જરી કરાવવા આવે છે. તેનાં જાણે મેડિકલ કારખાનાં ખૂલી ગયાં છે. તમે થોડીક મેડિકલ ભાષા સમજીને વાંચજો. કોરોનરી બાયપાસ સર્જરી અમેરિકામાં ૭૦,૦૦૦ ડોલરથી ૧,૩૩,૦૦૦ ડોલરમાં થાય છે તો બેંગલોરની અમુક હોસ્પિટલો ૭૦૦૦ ડોલરમાં પણ ટ્રીટમેન્ટ કરે છે. સિંગાપોરમાં ૧,૬૩,૦૦ ડોલર લે છે. બાયપાસ સર્જરી અને હૃદયનો નવો વાલ્વ નાખવાનું ઓપરેશન અમેરિકામાં ૭૫,૦૦૦થી ૧,૪૦,૦૦૦ ડોલરમાં થાય છે, તે ભારતમાં ૨૫,૦૦૦ ડોલરમાં થાય છે. નવું કમરનું હાડકું બેસાડવાના (હીપ રપ્લિસમેન્ટ) અમેરિકામાં ૩૩,૦૦૦થી ૫૭,૦૦૦ ડોલર થાય છે તે ભારતમાં ફકત ૭,૦૦૦ ડોલરમાં થાય છે. પ્રોસ્ટેટ ગ્લેન્ડની સર્જરી અમેરિકામાં ૧૦૦૦ ડોલરમાં એટલે રૂ. ૪૬,૦૦૦માં થાય છે તે ભારતમાં ત્રીજા ભાગના ભાવે એટલે કે રૂ. ૧૬,૦૦૦ થાય છે. પેટ, આંતરડાંનાં ઓપરેશન (ગેસ્ટ્રીક બાયપાસ) અમેરિકામાં ૩૫૦૦૦ ડોલરમાં થાય છે. ભારતમાં તે ૯૩૦૦ ડોલરમાં થાય છે. એટલે કૃપા કરીને તમે જંક ફૂડ, તળેલા પદાર્થો, ટેન્શન કે બધાથી મુકત નહીં રહો અને પેટ, આંતરડાં બગાડશો તો હોસ્પિટલવાળા આંતરડાંના સમારકામ માટે રૂ. સવા ચાર લાખ પડાવશે.

અમેરિકનો આંકડા કાઢવામાં ઉસ્તાદ છે. અમેરિકામાં કુલ મોત થાય છે તેમાંથી ૨૫.૪ ટકા મોત હૃદયરોગથી થાય છે. એટલે કે દર વર્ષે આ સમૃદ્ધ અમેરિકા રેઢિયાળ આહાર અને માનસિક તાણવાળી જિંદગી અને પછી હૃદયરોગના હુમલાથી ૪,૫૯,૦૦૦ અમેરિકનો મરે છે. ભારતમાં હવે ૨૦૧૪માં કુલ મોતમાંથી ૩૨.૮ ટકા મોત હૃદયરોગથી થશે. તામિલનાડુના હૃદયરોગના નિષ્ણાત ડો. બી. આર. જે. કન્નાન કહે છે કે ભારતના લોકોએ ૪૦ની ઉંમર પછી તેમની લાઈફ સ્ટાઈલ અને આહારમાં ફેરફાર કરીને વધુ ને વધુ શાકભાજી, કાચાં કચૂંબર અને (૮૦ ટકા) માત્ર ૨૦ ટકા રોટલી કે ભાતનો કે દાળનો આહાર રાખવો જોઈએ. મારો આગ્રહ છે કે અમેરિકાના ધુરંધર પત્રકાર અને અધ્યાત્મવાદી ડાૅ. નોર્મન કઝીન્સનું પુસ્તક 'ધ હિલિંગ હાર્ટ્સ' વાંચી જાઓ. તે પુસ્તકનો ગુજરાતી અનુવાદ પણ થયો છે. ગુણવંતભાઈ જેવા સંયમી પુરુષને હૃદયની તકલીફ થઈ પણ બેંગલોરના ડા. રંજનદાસ જે હૃદયરોગના નિષ્ણાત હતા, તે જો મુંબઈમાં તેમના બંગલામાં એકાએક પડી ગયા અને માત્ર ૬૦ની ઉંમરે હૃદયરોગનો હુમલો થતાં મૃત્યુ પામ્યા. બાળા સાહેબના નાના ભાઈનાં પત્ની. કુંદા ઠાકરે પણ ૨૦૦૯માં હૃદયરોગના હુમલાથી બચી ગયેલાં. સૌ પ્રથમ તો ઊંચા લોહીના દબાણથી (હાઈ બ્લડપ્રેશર)દર્દીઓને ચેતવણી અપાય છે કે લાઈફ સ્ટાઈલમાં સુધારો કરો નહીંતર આ નાનકડી બ્લડપ્રેશરની ફરિયાદમાંથી હૃદયરોગનો હુમલો થશે. માત્ર અખબારો વાંચીને અમુક ચીજ ખાવાથી બ્લડપ્રેશર ઘટશે તેવી ભ્રમણામાં ન રહો. દર વર્ષે લંડનનું 'ડેઈલી મેઈલ' નામનું અડધીયું અખબાર મેડિકલ તિકડમ છાપે છે. દા. ત. તમને હાઈપર ટેન્શન રહે છે ? હાઈ બ્લડ પ્રેશર રહે છે ? તો રોજ લસણની છ કળી ભોજનમાં લો. પરંતુ લસણની છ કળી ખાવાથી કાંઈ હૃદયરોગ નિવારી શકાય નહીં. એ સાચું કે ઓસ્ટ્રેલિયાની એડેલેડ યુનિ.ના વિજ્ઞાનીઓને માલૂમ પડયું છે કે ૫.૪ મિલીગ્રામ જેટલું લસણ ખાવાથી બ્લડપ્રેશર થતું નથી. પરંતુ તે સાથે આહાર સાદો રાખવો જોઈએ. ભજિયા, ગાંઠિયા અને જંક ફૂડ ખાઈને પછી છ કળી લસણ ખાવાથી એ આહાર કે રેઢિયાળપણાનું પાપ ધોવાઈ જતું નથી. હવે ૪૦ નહીં પણ ૩૫ની વયથી તમારે આરોગ્ય બાબતમાં યોગી બનવું જ પડશે. મીઠાનું પ્રમાણ ઘટાડવું પડશે. કોફી, સિગારેટ, દારૂથી દૂર રહેવું પડશે. ઘણા ડાર્કિટરો કહે છે કે નિયમિત ચાલવા જવું. ગુણવંતભાઈ અને બીજા લાખો નહીં કરોડો લોકો ચાલવા જાય છે. પણ માનસિક તાણ ચાલુ રાખે છે. આહારમાં કાળજી લેતા નથી તો માત્ર વોકિંગ કાંઈ પેન્ડેશિયા નથી. (દરેક દર્દનો ઈલાજ) નથી. હાર્ટ-એટેકનું ખરું કારણ કોલેસ્ટ્રોલ નથી પણ ધમનીનો સોજો છે કે જે બેડ કોલેસ્ટ્રોલને કારણે આવે છે. આપણી ભૂલએ છે કે આપણે આ બેડ કોલેસ્ટ્રોલને કારણે ગુડ કોલેસ્ટ્રોલને પણ હૃદયરોગ નું કારણ ગણીએ છીએ.

### કાર્તિકી પૂર્ણિમાએ ગુજરાતમાં અનેક જગ્યાએ મેળા ભરાય છે

# સોમનાથના પારંપરિક કાર્તિકી પૂર્ણિમાનો મેળાનો પ્રારંભ

। સોમનાથ,તા.૨૩ ।

દિવાળી બાદ દેવદિવાળી એટલે કે કાર્તિકી પૂર્ણિમાએ ગુજરાતમાં અનેક જગ્યાએ મેળા ભરાય છે. આવો જ એક મેળો છે સોમનાથનો પારંપરિક કાર્તિકી પૂર્ણિમાનો મેળો. વર્ષ ૧૯૫૫થી યોજાતો સોમનાથનો પારંપરિક કાર્તિકી પૂર્ણિમાનો મેળોને ગીર સોમનાથ જીલ્લા કલેક્ટરના વરદ હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો છે. મહત્વનું છે કે, કાર્તિકી પૂર્ણિમાના મેળાના પાંચ દિવસ દરમિયાન સોમનાથ મંદિર રાત્રે ૧૧ વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. તેમજ કાર્તિકી પૂર્ણિમાની રાત્રિએ સોમનાથ મંદિર રાત્રે ૧ વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે.

સોમનાથનો પારંપરિક કાર્તિકી પૂર્ણિમાનો મેળો ત્રિવેણી સંગમ સમીપ ગોલોકધામ ખાતે આવેલ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવ્યો છે. આ મેળામાં



મનોરંજનના સાધનો, ખાણીપીણીના સ્ટોલ, બાળકો માટે રમકડાં તેમજ અન્ય વેચાણ સ્ટોલ, ઈન્ડેક્ષ-સી વિભાગના હસ્તકલા અને ગૃહઉદ્યોગ જેવા આકર્ષક સ્ટોલ, જેલના કેદીઓના ભજીયાનો સ્ટોલ, સેલ્ફી પોઈન્ટસ, પંચદેવ મંદિર, સોમનાથ એટ ૭૦ પ્રદર્શની માહિતી સભર સ્ટોલની સાથે પ્રતિદિવસ ખ્યાતનામ કલાકારોના સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્તિકી પૂર્ણિમાના મેળાના પાંચ દિવસ દરમિયાન સોમનાથ મંદિર રાત્રે ૧૧ વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. તેમજ કાર્તિકી પૂર્ણિમાની રાત્રિએ સોમનાથ મંદિર રાત્રે ૧ વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. પૂર્ણિમાની રાત્રિએ વિશેષ મહાપૂજા તેમજ મહાઆરતી કરવામાં આવશે. સોમનાથ જ્યોતિર્લિંગના આધ્યસ્થાપક ચંદ્રદેવ કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રીએ સોમનાથ જ્યોતિર્લિંગના શિખર પર આવે છે અને પોતાનો શીતળ પ્રકાશ વરસાવે છે. જેને અમૃત વર્ષા યોગ પણ કહેવામાં આવે છે. મેળાના ભવ્ય અને સુલભ આયોજનમાં જરૂરી સહયોગ કરવા માટે જાહેર જનતાને સોમનાથ ટ્રસ્ટ,જિલ્લા વહીવટી તંત્ર તથા પોલીસ તંત્ર દ્વારા વિનંતી કરવામાં આવે છે. મેળામાં આવનાર માનવ મેદનીને ધ્યાને રાખીને ૨ વ્હીલર ફ્રી પાર્કિંગની વ્યવસ્થા કલાકેન્દ્ર તથા શ્રી રામ મંદિરની સામેના ભાગે આવેલી ખાલી જગ્યામાં કરવામાં આવેલી છે. સાથે જ સોમનાથ મંદિરના મુખ્ય માર્ગને વન-વે કરવામાં આવ્યો છે. તેમજ ત્રિવેણી સંગમથી બાયપાસ તરફ જતો રોડ માત્ર વાહન એક્ઝિટ માટે રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત મેળા ગ્રાઉન્ડમાં સીસીટીવી સિસ્ટમ લગાવવામાં આવી છે. વિશાળ પાર્કિંગની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. ફાયર સેફ્ટી માટે તમામ જગ્યાએ ફાયર એકસ્ટીંગ્યુસર બોટલની વ્યવસ્થા તેમજ સ્ટેન્ડબાય ફાયર ટેન્ડર ટીમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મેળામાં ઈલેકટ્રીક સપ્લાય માટે ૪ વિશાળ ક્ષમતા વાળા સ્ટેન્ડબાય જનરેટરની વ્યવસ્થા કરાઈ છે. મેળા કાર્યાલય તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમના સ્ટેજમાં પબ્લીક એડ્રેસ સીસ્ટમ ઊભી કરવામાં આવી છે. સાથે જ દેશ-વિદેશના ભક્તો સોમનાથ મંદિરના ઓફિશિયલ મીડીયા પ્લેટફોર્મ ફેસબુક, યુટ્યુબના માધ્યમો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળી શકશે.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતમાં છેલ્લાં દસ મહિનામાં સ્વાઇન ફ્લૂના ૧૭૦ કેસ, બે દર્દીનાં મોત

। અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં શિયાળાની ધીમીધારે શરૂઆતની વચ્ચે હવે સ્વાઈન ફ્લૂના કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. વિગતો મુજબ રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં સ્વાઈન ફ્લૂના ૪૧ કેસ નોંધાયા હતા. મહત્વનું છે કે, વર્ષ ૨૦૨૩માં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લૂના ૧૭૦ કેસ નોંધાયા છે તો ૨ દર્દીના મોત પણ થયા છે. મહત્વનું છે કે, ગત સપ્ટેમ્બર મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૧ કેસ નોંધાયા હતા. ફૂલગુલાબી ઠંડીની વચ્ચે હવે સ્વાઈન ફ્લૂના કેસો પણ વધી રહ્યા છે. નેશનલ સેન્ટર ફોર ડીસીઝ કંટ્રોલ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ આંકડા ચોંકાવનારા છે. ડેટા પ્રમાણે રાજ્યમાં પહેલી જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧ ઓક્ટોબર સુધી એટલે કે છેલ્લા ૧૦ મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૭૦ કેસ નોંધાયા છે. મહત્વનું છે કે, સમગ્ર દેશમાં કેસની સંખ્યા મામલે ગુજરાત ચોથા ક્રમમાં છે.

### સ્ટેટ GST વિભાગનું ૩૮ પ્રીમિયમ હોટેલમાં મેગા સર્ચ ઓપરેશન

। અમદાવાદ,તા.૨૩ ।

સ્ટેટ GST વિભાગ એક્શનમાં આવ્યું છે જેના ભાગરૂપે શહેરની ૩૮ પ્રીમિયમ હોટેલમાં પર સ્ટેટ GSTની ટીમ દ્વારા તવાઈ બોલાવવામાં આવી હતી. હોટેલો દ્વારા દર્શાવેલા GST ટર્ન ઓવર સામે જમાં કરેલી વેરા અગે ચકાસણી હાથ ધરાઈ હતી. જોકે આ કાર્યવાહી દરમિયાન કંઈ વાંધાજનક મળ્યું કે કેમ? તે મામલે હજુ જીએસટી કચેરી દ્વારા સમર્થન આપવામાં આવ્યું નથી. પરંતુ આગામી સમયમાં આ મામલે કચેરી તરફથી સત્તાવાર રીતે વિગતો સામે આવી શકે છે. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા અમદાવાદની ૩૮ પ્રીમિયમ હોટલ પર નરોડા પાડવામાં આવ્યા હતા.

### નેક્સસ અમદાવાદ વન એ બ્લેક ફ્રાઈડે સેલની જાહેરાત કરી

। અમદાવાદ, તા.૨૩ ।

ભારતના સૌથી મોટા રિટેલ પ્લેટફોર્મ નેક્સસ સિલેક્ટ મોલ્સ એ બ્લેક ફ્રાઈડે સેલની જાહેરાત કરી છે અને અમદાવાદ માટે ખુશીઓની ખાતરી આપી છે. ૨૩ નવેમ્બરથી ૨૬ નવેમ્બર સુધી ઑફર્સ, ડીલ્સ અને ચોક્કસ લાભ મેળવી શકાશે.

વર્ષોથી નેક્સસ અમદાવાદ વન વર્તમાન પ્રવાહ સાથે તાલમેલ જાળવી રાખવા જાણીતો છે અને શહેર ને અનુરૂપ રહી આકર્ષક ઈવેંટ્સ, કાર્યક્રમો અને તેમની સાથે ખરીદીકર્નર ગ્રાહકોને ચોક્કસ વળતર- લાભ ની ખાતરી આપવા માટે જાણીતું છું. આ બ્લેક ફ્રાઈડે સેલ દરમિયાન, ૫૦થી વધુ બ્રાન્ડ્સે મર્યાદિત સમયગાળા માટે ૫૦% સુધીની છૂટની જાહેરાત કરી છે.

તહેવારોની મોસમ માટે તૈયાર થઈ જાઓ અને તમારા વસ્ત્રોની શ્રેણી વધારો. તમારા મનપસંદ ગેજેટ્સ પર હાથ અજમાવો કે ડીલ્સ પૂરી થઈ જાય તે પહેલા તમારા ખાસ પ્રિયજન માટે લાંબા સમય થી વિચારેલી ગિફ્ટ ખરીદી.

### ગુજરાતમાં ફરી એકવાર આંદોલનના એંધાણ

# આજથી માલધારી સમાજ આંદોલનનો માર્ગ અપનાવશે

### માલધારી એકતા સમાજના પ્રમુખની વીડિયો શેર કરી જાહેરાત

। ગાંધીનગર,તા.૨૩ ।

ગુજરાતમાં ફરી એકવાર આંદોલનના એંધાણ વર્તાઈ રહ્યા છે. એક તરફ શિક્ષકોની કાયમી ભરતી માટે ઉમેદવારો બાયો ચડાવી રહ્યા છે તો બીજી તરફ શુક્રવાર એટલે કે ૨૪ નવેમ્બરથી માલધારીઓ આંદોલન પર ઉતરી રહ્યા છે.

ગુજરાતમાં ફરી એકવાર આંદોલનના એંધાણ વર્તાઈ રહ્યા છે. એક તરફ શિક્ષકોની કાયમી ભરતી માટે ઉમેદવારો બાયો ચડાવી રહ્યા છે તો બીજી તરફ શુક્રવાર એટલે કે ૨૪ નવેમ્બરથી માલધારીઓ આંદોલન પર ઉતરી રહ્યા છે. માલધારી એકતા સમાજના પ્રમુખ નાગજી રબારીએ આજે એક વીડિયો શેર કરી આ જાહેરાત કરી છે.

માલધારી એકતા સમિતિએ આંદોલનનું એલાન કરતા રાજકારણ ગરમાયું છે. તેમણે કહ્યું કે, માલધારી સમાજની લડત ચાલુ થવાની છે તેમાં આ લડત રખડતા પશુઓની નથી. નિર્દોષ લોકોનો અકસ્માતમાં જીવ જાય કે ઈજા



થાય અને રોડ પર પશુઓ આવતા હોય તેની નથી. પણ આ લડત બે પગવાળા આખલા શોધવાની છે, જેમને ડબ્બામાં પૂરવા જરૂરી છે, તેઓ ગૌચરની જમીન ગળી ગયા છે.

આજથી માલધારી સમાજ આંદોલનનો માર્ગ અપનાવશે. અમદાવાદના બાપુનગરના ભીડભંજન મંદિરે મોટી સંખ્યામાં માલધારી સમાજના આગેવાનો એકઠા થશે. રખડતા ઢોર નિયંત્રણની નવી પોલીસી અને ગોચરને લઈને માલધારી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. હાઈકોર્ટની ટકોર બાદ રાજ્ય સરકારે ઢોર નિયંત્રણ પોલીસી જાહેર કરી હતી. જે બાદ શહેરમાં રખડતા પશુઓને પકડવાની કામગીરી વધુ ઝડપી બનાવવામાં આવી છે.

થોડા દિવસ પહેલા અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં વૃદ્ધને હાર્ટ અટેક આવતા વિવાદ સર્જાયો હતો. મળતી જાણકારી અનુસાર, પશુ પકડવાની ટીમ પહોંચતા વૃદ્ધને હાર્ટ અટેક આવ્યો હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. મૃતકના પરિવારજનોએ આરોપ લગાવ્યો હતો કે ઢોર પકડો પાર્ટીના ગેરવર્તન અને મારના લીધે જામાભાઈ રબારીને હાર્ટ અટેક આવ્યો હતો. નોંધનીય છે કે માલધારી સોસાયટીમાં પશુઓ પકડવા ટીમ પહોંચી હતી. વાડાના પશુઓને પકડવા ટીમ આવી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો. આ સમગ્ર મામલે અમદાવાદ મનપાએ તપાસ શરૂ કરી હતી.

### રાજ્યના TRB જવાનો માટે ગુડ ન્યૂઝ

# રાજ્યના TRB જવાનોને છૂટા કરવાનો નિર્ણય હાલ મોકૂફ રાખવામા આવ્યો

### ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી વર્ચ્યુલી આ બેઠકમાં જોડાયા હતા

### TRB જવાનોની સમસ્યાને લઈ બેઠકમાં મંત્રણા કરવામાં આવી હતી

। ગાંધીનગર, તા.૨૩ ।

રાજ્યના TRB જવાનોને છૂટા કરવાનો નિર્ણય હાલ મોકૂફ રાખવામા આવ્યો છે. CM સાથેની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય અને કે.કૈલાસનાથન પણ આ બેઠકમાં હાજર હતા. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી વર્ચ્યુલી આ બેઠકમાં જોડાયા હતા. TRB જવાનોની સમસ્યાને લઈ બેઠકમાં મંત્રણા કરવામાં આવી હતી.

ગાંધીનગર TRB જવાન મુદ્દે ગાંધીનગર ખાતે બેઠક મળી હતી. જોકે આ બેઠક પૂર્ણ થતાં TRB જવાનો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. હાલમાં TRB જવાનોને ફરજ પરથી મોકૂફ કરવાનો નિર્ણય મુલતવી રખાયો છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય તથા કે કૈલાશનાથન પણ આ બેઠકમાં હજાર રહયા હતા. ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ વર્ચ્યુઅલી આ બેઠકમાં જોડાયા હતા. જેમાં એચએએલ પૂરતો આ અંગે નિર્ણય મોકૂફ રખાયો છે.મહત્વનુ છે કે વર્ષોથી TRB તરી ફરજ બજાવતા જવાનોને ફરજ મોકૂફ કરવાની વાત સામે આવત છેલ્લા ૩ દિવસ થી ઠેર ઠેર આંદોલન થઈ રહા છે. તમામ જીલ્લોના ઈમ જવાનો આ આંદોલનમાં જોડાઈ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

### દરેક ક્ષેત્રે- હરેક માટે વિકાસનું આયોજનઃ મુખ્યમંત્રી

# CM ભૂપેન્દ્ર પટેલે મહેસાણાને આપી ૧૦૯ કરોડના વિકાસકાર્યોની ભેટ

। મહેસાણા,તા.૨૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મહેસાણા જિલ્લાના વિસનગર એ.પી.એમ.સી. ગ્રાઉન્ડ ખાતેથી રૂ.૧૦૯ કરોડના ૮૫ જેટલા વિવિધ વિકાસ પ્રકલ્પોનું ભૂમિપૂજન, ખાતમુર્હુત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત આશરે ૨૦ જેટલા વિકાસના કાર્યોનું લોકાર્પણ અને ૪૩ જેટલા વિકાસના નવા પ્રકલ્પોનું ખાતમુર્હુત કરાયું હતું. આ ઉપરાંત વિસનગર તાલુકાના વિવિધ વિભાગના આશરે ૧૬ જેટલા વિકાસના કાર્યોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીની રક્ત તુલા કરવામાં આવી હતી. તેમજ ૪૦૦૦થી વધું લોકો દાતાઓના વિવિધ દાનથી લાભાન્વિત થયા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નૂતન વર્ષ-૨૦૮૦ ની શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું કે, ગુજરાતમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કર્મઠ માર્ગદર્શન હેઠળ વિકાસનો મજબૂત પાયો નંખાયો જેના ફળ આજે મળી રહ્યા



છે. ગુજરાત એક એવું રાજ્ય છે જ્યાં દરેક ક્ષેત્રે હરેક માટે વિકાસનું શ્રેષ્ઠ આયોજન થાય છે મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, રાજ્યના અવિરત વિકાસના કેન્દ્રમાં સામાન્યજનનો સર્વાંગીણ વિકાસ રહ્યો છે અને આ દિશામાં રાજ્ય સરકાર દ્વારા સર્વગ્રાહી વિકાસ માટે સઘન આયોજન કરાયું છે. મુખ્યમંત્રીશ્રીએ આજના અવસરને "વિકાસ ઉત્સવ" ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આજે ગ્રામ્ય સ્તરે પણ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ નિર્માણ પામી છે તેનું કારણ એ છે કે રાજ્ય સરકાર દ્વારા ગામડાં સુધી રસ્તા- વીજળી, પાણીથી માંડીને તમામ સુવિધા પુરી પાડવામાં આવી રહી છે.

### ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સ્ટાફની બેદરકારી

। ભરતભાઈ પંડ્યા દિવડા કોલોની, તા.૨૩ ।

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા થતો અન્યાય. મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દિવડા કોલોની વસાહતમાં જી.એસ. આર. ટી.સી. દ્વારા ચાલતી બસોમાં મુસાફરી દરમિયાન વસાહતીઓને દીવડાની ટિકિટ આપી ભાડું વસૂલી તે જગ્યાએ ના ઉતારતા તે પહેલાંજ ભેંમસર (દિવડા - કડાણા ચોકડી) ઉતારી દેવામાં આવે છે. આ અંગે જનરલ મેનેજરશ્રી, સેન્ટ્રલ ઓફિસ ગુ. રા. મા.વા. વ્ય.ની.રાણીપ. અમદાવાદ ને તા.૨૭-૯-૨૩.ના રોજ જાણ કરી નકલ વિભાગીય નિયામક શ્રી એસ.ટી.વિભાગ ગોધરા તેમજ એસ.ટી.ડેપો સંતરામપુર, દાહોદ ને જાણ કરવા છતાં કોઈજ કાર્યવાહી ના થતાંતા.૪-૧૧-૨૩નારોજપુનઃજાણકરવાછતાંકોઈનક્કર પરિણામ ના આવતા તા.૨૨-૧૧-૨૩ ના રોજ એસ. ટી.ડેપો મેનેજરશ્રી સંતરામપુર ને રૂબરૂ સંપર્ક કરતાં પણ કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી. દિવડા કોલોની વિસ્તારમાં રહેતા સમગ્ર કર્મચારીઓની માંગ છે કે દિવડા ની ટિકિટ આપતાં મુસાફરોને દિવડા કોલોની વિસ્તારમાં (અંદર) ઉતારવામાં આવે એટલેકે દરેક બસો દીવડાની ટિકિટ આપતાં બહાર ચોકડીએ ના ઉતારતા દિવડા ના સ્ટેન્ડ ઉપર ઉતારે ટૂંકમાં તમામ રૂટ ની બસો દિવડા (અંદર ના સ્ટેન્ડ) આવવી જોઈએ આ દિવડા ના જાગૃત નાગરિક તરીકે શ્રી સુરપાલ સિંહ આર. પુવાર ની માંગ છે.

### કપાસનું ઉત્પાદન ઓછું થયું છે જેને લઈને ખેડૂતો મુંજાયા

# ભાવનગરમાં કપાસના ખેડૂતોની હાલત અત્યંત દયનીય સ્થિતિ

। ભાવનગર, તા.૨૩ ।

ભાવનગર જિલ્લમાં ચોમાસાની અનિયમિતતા અને વાતાવરણમાં થતા ફેરફારો તેમજ રોગચાળાના કારણે આ વર્ષે સ્થાનીકે કક્ષાએ કપાસનું ઉત્પાદન ઓછું થયું છે. જેને લઈને ખેડૂતો મુંજાયા છે. ભાવ પણ ગત વર્ષની સરખામણીમાં ૧ મણએ ૭૦૦ જેટલો ઘટાડો થવાથી ખેડૂતો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. બીજીબાજુ બ્રાઝીલ જેવા દેશમાં કપાસના મબલખ ઉત્પાદનને કારણે ત્યાંનો માલ ચીનમાં સસ્તામાં વહેંચાતો હોઈ ભારતના માલની માંગ ઓછી રહેવાથી ખેડૂતોને નુકસાની થવા પામી છે. ત્યારે હવે આગામી દિવસોમાં ખેડૂતો કપાસ ના પાક ના બદલે અન્ય પાકો તરફ દોટ મુકશે તેમ મનાઈ રહ્યું છે. મજૂરીના પૈસા પણ ન નીકળે તેવી સ્થતિ

ભાવનગર જિલ્લામાં રવિ પાકની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી હતી.. જેમાં કપાસ સહિતની જણસો તૈયાર થઈ ગઈ હોવાથી હવે માર્કેટિંગ યાર્ડમાં મગફળી અને કપાસની આવક ધીમે ધીમે સારું થવા લાગી છે. ભાવનગર અને તળાજા યાર્ડમાં અત્યાર સુધીની સીઝનમાં સૌથી ઊંચા ભાવે કપાસનું વેચાણ થતું હતું. ગત વર્ષે કપાસના ભાવ ૨૦૦૦ થી ૨૨૦૦ સુધી પહોંચ્યા હતા. પરંતુ હાલ યાર્ડમાં માલ આવતાની સાથે જ કપાસના ભાવ ૧૪૦૦ થઈ જતા ખેડૂતોને મજૂરીના પૈસા પણ ન નીકળે તેવી સ્થતિ ઉભી થવા પામી છે. ભાવનગર અને તળાજાના યાર્ડમાં ખેડૂતોને પૂરતા ભાવ મળતા નથી. આજે કપાસના ભાવ ૧૪૦૦ ભાવ થયા છે. આમ તો ગત વર્ષમાં વાવાઝોડું અને પાછોતરા વરસાદના કારણે કપાસને ભારે નુકસાન થતા ઉત્પાદન ઓછું થયું એક તરફ ઉત્પન્નમાં ઘટાડો અને બીજીબાજુ ભાવ પણ નીચા બેસી જતા ખેડૂતો પાયમાલ થઈ રહ્યાં છે. ભાવનગર જિલ્લામાં ચાલુ સીઝનમાં કપાસનું વાવેતર ૨.૫૦ લાખ હેકટરમાં થવા પામ્યુ હતું.

### કોંગ્રેસ, BTP સહિતના રાજકીય પક્ષોના કાર્યકરો ભાજપમાં જોડાયા

# દાહોદના ગરબાડા વિધાનસભાનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

। દાહોદ,તા.૨૩ ।

આજે દાહોદમાં ગરબાડા વિધાનસભાનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સહિતના આગેવાનોએ હાજરી આપી હતી. આ સ્નેહમિલન કાર્યક્રમમાં કોંગ્રેસ, BTP સહિતના રાજકીય પક્ષોના કાર્યકરો ભાજપમાં જોડાતા કોંગ્રેસ-BTBમાં મોટુ ગાબડુ પડ્યું છે. ત્યારે દાહોદમાં યોજાયેલા આ સ્નેહમિલનના કાર્યક્રમની ચર્ચા ચારે તરફ થઈ રહી છે. કારણ કે આ સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન લગભગ ૫૦૦થી પણ વધારે કાર્યકર્તાઓએ કેસરિયો ધારણ કર્યો છે. આમ લોકસભાની ચૂંટણી પહેલા ભાજપની તાકાતમાં વધારો થયો છે. ભારતીય પરંપરા મુજબ નવા વર્ષની શરૂઆત સ્નેહમિલનથી થતી હોય છે. ત્યારે ભાજપ દ્વારા દાહોદ જિલ્લાની વિધાનસભા ૨૩, ૨૪ અને ૨૫



માટે પણ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આજે દાહોદ ગરબાડા વિધાનસભાનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન આપ, કોંગ્રેસ, BTPસહિતના રાજકીય પક્ષોના કાર્યકરો ભાજપ માં જોડાયા હતા. આમ આદમી પાર્ટીના ઉમેદવાર શૈલેષ ભાભોર મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાયા હતા. આ સાથે જ કોંગ્રેસમાંથી અને બીટીપીમાંથી પણ ઉમેદવારો ભાજપમાં જોડાયા હતા. આ સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન લગભગ ૫૦૦થી પણ વધારે કાર્યકર્તાઓએ જે-તે પક્ષ સાથે છેડો ફાડીને ભાજપનો કેસરિયો ધારણ કર્યો હતો.

આ સ્હેનમિલન કાર્યક્રમ દરમિયાન પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે કહ્યું કે આ ભાજપની તાકાત છે. જેથી ભાજપ પ્રત્યે લોકોનો વિશ્વાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. આ બધુ આપણા વડાપ્રધાન મોદીજીના નેતૃત્વમાં થઈ રહેલા વિકાસના કાર્યો અને દેશની પ્રગતિના કારણે આ બધુ સંભવ થઈ રહ્યું છે.

સાથે જ કહ્યું કે આપણા આદિવાસી બંધુઓ મહેનત કરવામાં આવે છે. જેથી તેઓ કોઈ લાલચ કે લોભમાં આવતા નથી. મોદીજી જે પણ કહે છે તે કરીને દેખાડે છે. જેથી લોકોને વિશ્વાસ છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨